Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

# SHREE ATMANAND PRAKASH



Vol-3 * Issue-12
OCTOBER-2003
આસો
ઓક્ટોબર-૨૦૦૩
આત્મ સંવત : ૧૦૭
વીર સંવત : ૨૫૨૯
વિક્રમ સંવત : ૨૦૫૯
પુસ્તક : ૧૦૦

नहि संगच्छते धर्मक्रिया वञ्चनकर्मणा ।
वञ्चनाकर्मसक्तस्य भवेद् धर्मक्रिया विषम् ।।

*

માયા-કપટ સાથે ધર્મક્રિયાનો મેળ બેસે જ નહિ. ઠગારાની ધર્મક્રિયા વિષરૂપ બને છે. ૨૭

*

The evil practice of deceit does not agree with religious rites. Those rites of a deceitful person become poisonous to him. 27

*(કલ્યાણભારતી ચેપ્ટર-૬ : ગાથા-૨૭, પૃષ્ઠ-૧૨૨)*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## માતા પિતાની છત્ર છાયા

હયાત માત-પિતાની છત્ર છાયામાં વ્હાલપનમાં બે વેણ બોલીને, નીરખી લેજો, હોઠ અડધા બીડાય ગયા પછી.....ગંગાજળ મૂકીને શું કરશો.......

અંતરના આશીર્વાદ આપનારને સાચા હૃદયથી એક ક્ષણ ભેટી લેજો હયાતી નહીં હોય ત્યારે નત મસ્તકે છબીને નમન કરીને શું કરશો.......

કાળથી થપાટ વાગશે, અલવિદા એ થઈ જશે, પ્રેમાળ હાથ પછી તમારા પર કદી નહી ફરે. લાખ કરશો ઉપાય તે વાત્સલ્ય લ્હાવો નહીં મળે પછી દિવાન ખંડમાં, તસ્વીર મૂકીને શું કરશો.......

માતા પિતાનો ખજાનો ભાગ્યશાળી સંતાનને મળે અડસઠ તિરથ તેના ચરણોમાં બીજા તિરથ ના ફરશો સ્નેહની ભરતી આવીને ચાલી જશે પલમાં પછી કીનારે છીપલાં વીણીને શું કરશો......

હયાત હોય ત્યારે, હૈયુ તેનુ ઠારજો, પાનખરમાં વસંત આવે એવો વ્યવહાર રાખજો, પંચભૂતમાં ભળી ગયા પછી આ દેહનાં અસ્થિને ગંગામાં, પધરાવીને શું કરશો.......

શ્રવણ બનીને ઘડપણની લાકડી તમે બનજો હેતથી હાથ પકડીને ક્યારેક તીર્થ સાથે ફરજો માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ સનાતન સત્ય છે પછી રામનામ સત્ય છે બોલીને શું કરશો......

પૈસા ખર્ચતા સઘળું મળશે, મા-બાપ નહીં મળે ગયો સમય નહી આવે, લાખો કમાઈને શું કરશો પ્રેમથી હાથ ફેરવીને "બેટા" કહેનાર નહી મળે. પછી ઉછીનો પ્રેમ લઈને, આંસુ સારીને શું કરશો......


**નૂતન વર્ષના મંગલ પ્રભાતે**

**નરેશભાઈ નેમચંદભાઈ શાહ સહપરિવાર-સુરતના નૂતન વર્ષાભિનંદન**

# અભિષેક એક્સપોર્ટ

અભિષેક હાઉસ, કદમપલ્લી સોસાયટી,
જીવન ભારતી સ્કૂલ સામે, નાનપુરા, સુરત-૩૯૫૦૦૧.
ફોન : ઓ. (૦૨૬૧) ૨૪૬૦૪૪૪ ફેક્સ : ૨૪૬૩૬૫૭


For Private And Personal Use Only

ટ્રસ્ટ રજી. નં. એફ-૩૭ ભાવનગર

**શ્રી જૈન આત્માનંદ સભા**

ભાવનગરનું મુખપત્ર

(ફક્ત સભ્યો માટે)

* * *

**સભાના હોદ્દેદારશ્રીઓ :**

(૧) પ્રમોદકાંત ખીમચંદ શાહ—પ્રમુખ
(૨) દિવ્યકાંત મોહનલાલ સલોત—ઉપપ્રમુખ
(૩) જશવંતરાય ચીમનલાલ ગાંધી—ઉપપ્રમુખ
(૪) મનહરલાલ કેશવલાલ મહેતા—માનદ્મંત્રી
(૫) ચંદુલાલ ધનજીભાઈ વોરા—માનદ્મંત્રી
(૬) ચીમનલાલ વર્ધમાન શાહ—માનદ્મંત્રી
(૭) હસમુખરાય જયંતીલાલ શાહ—ખજાનચી

* * *

સભા પેટ્રન મેમ્બર ફી રૂા. ૧૦૦૦=૦૦
સભા આજીવન સભ્ય ફી રૂા. ૫૦૦=૦૦

* * *

**શ્રી આત્માનંદ પ્રકાશ વાર્ષિક જાહેરાત દર :**

ટાઈટલ પેઈજ આખું રૂા. ૫૦૦૦=૦૦
આખું પેઈજ રૂા. ૩૦૦૦=૦૦
અર્ધુ પેઈજ રૂા. ૧૫૦૦=૦૦
પા પેઈજ રૂા. ૧૦૦૦=૦૦

* * *

શૈક્ષણિક ઉત્તેજન, જ્ઞાનખાતું, સભા નિભાવ ફંડ, યાત્રા પ્રવાસ આદિમાં વ્યાજું ફંડ માટે ડોનેશન સ્વીકારવામાં આવે છે.

* * *

**: માલિક તથા પ્રકાશન સ્થળ :**

શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઈટ, ભાવનગર-૩૬૪૦૦૧
ફોન નં. (૦૨૭૮) ૨૫૨૧૬૯૮



# શ્રી આત્માનંદ પ્રકાશ

**તંત્રી : શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ**

## અનુક્રમણિકા

(૧) **આસો માસની અમાવસ્યાની વિતતી રાતે....**
—ડૉ. ભાયલાલ એમ. બાવીશી ૨

(૨) **જૈન પાઠશાળાના વિકાસ અંગે કંઈક !**
—પં. શ્રી ભુવનસુંદરવિજયજી મ.
—પં. શ્રી ગુણસુંદરવિજયજી મ. ૬

(૩) **અષ્ટાપદ-કૈલાસ માનસરોવર યાત્રા (૧૦)**
—કાંતિલાલ દીપચંદ શાહ ૮

(૪) **પ્રભુ મહાવીર**
—અરૂણાબેન બાબુલાલ શાહ ૧૫

(૫) **અહિંસા : એક પરિશીલન**
—પં.શ્રી ભુવનસુંદરવિજયજી મ. ૧૮

(૬) **પ્રભુ મહાવીરના ૧૦ ફરમાનો, ૬ સંદેશ, ૩ ઉપદેશ, ૧ આદેશ**
—આર. ટી. શાહ ૨૨

### મધુબિંદુ

**બીજા માણસના દિલને જીતી લેનાર માણસ નસીબદાર ગણાય, પરંતુ જેણે પોતાની જાતને જીતી લીધી છે તેના જેવો નસીબદાર બીજો કોઈ નથી.** ***—પૂજ્યશ્રી મોટા***

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આસો માસની અમાવાસ્યાની વિતતી રાતે.....દીપ બુઝાયો, દીવડા પ્રગટ્યા ! ઉગતી પ્રભાતે.....ભ્રમ ભાંગ્યો, કેવળ ઝળક્યા !!

*લેખક : ડૉ. ભાયલાલ એમ. બાવીશી પાલીતાણા*

દિવાળી, દીપાવલી, દીપોત્સવી! એવા અનેરા નામે આસો માસમાં એ મહાપર્વ આવી રહ્યું છે. જેની સૌ નાના–મોટા જિજ્ઞાસાપૂર્વક પ્રતિક્ષા કરી રહ્યા છે! આવશે ત્યારે ખૂબ આનંદપૂર્વક, ઉમંગપૂર્વક એને ઉજવશે! કોઈ વિચારે–'ત્યારે મજા પડશે, ઘર સજાવીશું, મીઠાઈ ખાઈશું, સુંદર કપડાં પહેરીશું ને મોજ માણીશું.' તો કોઈ ઈચ્છે–'રોશની કરીશું, ફટાકડા ફોડીશું, શારદા પૂજન–ચોપડા પૂજન કરીશું, દાન દઈશું.' તો વળી કેટલાક રાહ જુએ છે કે–'છઠ કરીશું, 'મહાવીર પારંગતાય' ને 'ગૌતમ ગણધરાય'ની નવકારવાળી ગણીશું.' જ્યારે બીજા વળી વિચારે–'મહાવીર–ગૌતમનાં રાસ ગાઈશું, સ્તોત્ર ભણીશું, સ્તુતિ–સ્તવન કરીશું ને ધર્મધ્યાનમાં રાત્રી ગાળીશું...' આમ એ મહાપર્વ દિવાળી આવતાં લોકો એને જુદી જુદી રીતે ઉજવતાં હોય છે. લૌકિક રીતે કે આધ્યાત્મિક રીતે! પણ એની પાછળનું રહસ્ય બહુ ઓછા જાણતા હોય છે. ખરેખર એ પર્વના પેટાળમાં ભગવાન મહાવીરની અને ગણધર ગૌતમની ગૌરવ ગાથા ગાતી પ્રેરણાદાયી અને બોધદાયી હકીકતો પડી છે! દિલમાં થયું યથામતિ રજુ કરૂં તો જિજ્ઞાસુ ભાઈઓ–બ્હેનો દીપોત્સવી પર્વને વિશિષ્ટ રીતે ઉજવવા પ્રેરાશે–આકર્ષાશે.

દિવાળી પર્વની ઉજવણી–ઉત્પત્તિ કેમ–કેવી રીતે થઈ? આસો માસની અમાવાસ્યાની મધ્ય રાત્રિએ દેવાધિદેવ પ્રભુ મહાવીરનો મહાનિર્વાણ થયો અને ઊગતે પ્રભાતે પ્રભુના પ્યારા શિષ્ય ગણધર ગૌતમને કેવળજ્ઞાન પ્રગટ્યું! આવા અપૂર્વ અને મહત્ત્વપૂર્ણ બબ્બે પ્રસંગો જે ધન્ય દિવસે બને એ દિન મહાપર્વ જ બની જાય ને! અને ઉલ્લાસપૂર્વક ઉજવાય!

ભગવાન મહાવીર! તીર્થંકર થવા સર્જાયેલ. એ મહામાનવનું જીવન તો જુઓ, કેટલું વૈવિધ્ય-ભર્યું, વિશિષ્ટતાભર્યું, વૈરાગ્યભર્યું, વીરતાભર્યું, અને એટલે પ્રેરણાદાયી છે. બાલ્યવયથી જ નમ્રતા, સરળતા ને સમાનતા તરી આવતી છતાં શૌર્ય ને પરાક્રમ ઓછા નહોતા! જીવનભરની એમની મહાનતા અને વીરતાને કારણે તો એ 'મહાવીર' કહેવાયા. જો કે મૂળ નામ તો હતું એમનું વર્ધમાન! યૌવનવયે જ્યારે રાજકુમારને વિલાસ–વૈભવ ને મોજશોખ ગમે ત્યારે એમનાં દિલમાં વૈરાગ્ય ભાવના ને સંસારની અસારતા ઉભરાતી હતી. એટલે જ માતા–પિતાને દુઃખ ન લાગે એટલા માટે જ અનિચ્છાએ–અનાસક્તભાવે લગ્ન કર્યાં. પણ પોતે જળકમળવત્ સંસારથી આંતરિક રીતે નિર્લેપ ને વિરક્ત રહ્યા છે. વળી એમની કૌટુંબિક ભાવના પણ કેવી ઉત્કૃષ્ટ હતી તે જોઈએ.

વીર વર્ધમાને સંસારમાં રહી માતા–પિતાની ભક્તિ, વડીલ બંધુ પ્રત્યે આજ્ઞાંકિતપણું, પત્ની પ્રત્યે વફાદારીપણું, પુત્રી પ્રતિ વાત્સલ્યભાવ, જમાઈ પ્રત્યે પ્રેમભાવ હંમેશા દાખવેલ–સાચવેલ છે. પોતે સર્વ જીવોનાં અને સમસ્ત જગતનાં કલ્યાણ માટે જ જન્મ્યા છે અને આત્મ–સાધના સાથે પરમાર્થે પણ કરવાનું ધ્યેય લઈને આવ્યાં છે. એ સમય સાથે જ અનુકૂળતા થતાં રાજપાટ, વૈભવ–વિલાસ, કુટુંબ–કબીલો ને મોજશોખ છોડી દીક્ષા લીધી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રવજયા પાછળ ભવોભવનાં કર્મો ખપાવવાનો અને ઉચ્ચ આધ્યાત્મિક સ્તરે પહોંચવાનો હેતુ હોઈ, ભગવાન મહાવીરે અનાર્ય દેશમાં–મલેચ્છોનાં મુલ્કમાં વિહાર કર્યો. જ્યાં ધારણા પ્રમાણે અનેક પ્રકારની હેરાનગતિ–કનડગત ને અપમાન સાથે ઘણા ઘણા ઉપસર્ગો સહન કર્યા ને કર્મો ખપાવ્યા ને ક્ષમા, કરૂણા, દયા, સહનશીલતા આદિ ગુણો દાખવતાં અહિંસા, સંયમ ને તપ જીવનમાં વણી લીધા–ઓતપ્રોત કરી લીધા! બાર બાર વર્ષના કઠીન તપ દ્વારા આત્મ–સાધના કરી, પછી જગતના જીવોને પ્રબોધ્યા, તાર્યા અને વિશ્વના કલ્યાણ ખાતર જીવન સમર્પણ કર્યું.

પ્રભુને હવે એક દિન, પોતાનો નિર્વાણસમય નજીક જણાતાં ચઉવિહારો છઠ્ઠ કરી, જગતનાં સર્વ જીવોને તારવા, પ્રબોધવા અને જ્ઞાન આપવા સતત ૧૬ પહોર સુધી દેશના આપી અને પોતે સિદ્ધિને વર્યા–નિર્વાણ પામ્યા ને સિદ્ધ થયાં! આવા ત્યાગ–તપ અને વૈરાગ્યનાં તેજે ઝળહળતા પ્રભુ નિર્વાણ પામતાં, જાણે જગતનો એક મહાન જ્ઞાન–દીપક બુઝાયો હોય એમ અનુભવતા સૂરો ને અસૂરો, દેવેન્દ્રો ને નરેન્દ્રો અને જગતના સર્વ જીવો પ્રભુનાં વિરહે હતાશ–નિરાશ થયાં, પરંતુ ભગવાનનાં અનેક ઉપકારોને ઉપદેશો તેમ જ જગતના કલ્યાણની ભાવના અને ઉત્કૃષ્ટ આત્મસાધનાથી પ્રભાવિત થઈ દેવેન્દ્રો ને નરેન્દ્રોએ તથા લોકોએ પ્રભુનાં નિર્વાણને ઉજવવા અને પોતાનું ઋણ અદા કરવા મહોત્સવ ઉજવ્યો. ઘેરઘેર દીવા પ્રગટ્યા, દેવોએ વાજીંત્રો વગાડ્યા અને લોકો આનંદિત પ્રમોદિત થતાં પ્રભુનો જયજયકાર ગાવા લાગ્યા. એમ ભગવાન રૂપી જ્ઞાન–દીપક બુઝાયો ત્યારે જગતનાં લોકોએ પ્રભુનાં સ્મારક સમા દીવડા પ્રગટાવી દીપોત્સવી ઉત્સવ ઉજવ્યો ને ત્યારથી 'દિવાળી' ઉજવાય છે.

આ પ્રસંગ સાથે સંકળાયેલ એક બીજી પણ સંસ્મરણીય હકીકત પ્રભુનાં નિર્વાણનાં આગલે જ દિવસે બની. પ્રભુનાં પરમ ભક્ત ગણધર ગૌતમ ભગવાન મહાવીરનાં પ્યારા ને પ્રથમ શિષ્ય હતા. એટલે ગણધર ગૌતમ પ્રભુ પ્રત્યે ગાઢ સ્નેહ ધરાવતાં. પ્રભુ જ એમનું સર્વસ્વ હતું એમ કહીએ. ગણધર ગૌતમને ભગવાન મહાવીર પ્રત્યે અત્યંત અનહદ રાગ હતો, પ્રભુ મહાવીર જાણતા જ કે ગૌતમનો અત્યંત રાગ એને કેવળજ્ઞાનથી અને સિદ્ધિથી દૂર રાખે છે એટલે ગૌતમનાં કલ્યાણ માટે પ્રભુએ ગૌતમને પોતાની પાસે બોલાવ્યાં.

ભગવાન મહાવીરે ગૌતમને કહ્યું, ''ગોયમા, બાજુનાં ગામમાં દેવશર્મા નામે બ્રાહ્મણ મિથ્યાત્વી ને નાસ્તિક છે તેને બોધ પમાડી આવો.'' પ્રભુની આજ્ઞા ગૌતમને શિરોમાન્ય જ હોય. ગણધર ગૌતમ આજ્ઞા મુજબ ગયા અને દેવશર્માને પ્રબોધી પાછા ફરે છે ત્યાં રસ્તામાં જ ભગવાન મહાવીરનાં નિર્વાણનાં સમાચાર સાંભળતા જ પોતે હતાશ નિરાશ થઈ ગયા અને પ્રથમ તો પ્રભુને ઉપાલંભ આપવા લાગ્યા. ''પ્રભો! શું તમારે એકલાને જ મોક્ષમાં જવું હતું. એટલે મને અળગો કર્યો? શું મારો પ્રેમ ઓછો હતો કે મને નિર્વાણ સમયે જ દૂર કર્યો? પણ પછી ધીરજ ધરતાં વિચારી રહ્યાં. ''ના, ના પ્રભુ તો વિતરાગ હતા, મારા તરફ વાત્સલ્યભાવ છતાં પોતે તો રાગદ્વેષ રહિત હતા, મને દૂર કરવામાં દ્વેષભાવ હોય જ નહિ, એમને વળી રાગ શું? દ્વેષ શું? મારી જ ક્ષતિ હતી કે હું એમના પ્રત્યે અત્યંત રાગમાં રગદોળાયો. એટલે જ આજે દુઃખી–દુઃખી છું. આ રાગ જ જગતમાં બંધન છે. અત્યંત રાગ જ અહિતકર ને ડુબાડનાર છે. મારે ને પ્રભુને ત્યાગમાર્ગે વળ્યા પછી વળી રાગ કે દ્વેષ શો? પ્રભુ તો સમજતાં, હું જ ભૂલ્યો.'' એમ વિચારતાં વિચારતાં ગૌતમનાં દિલમાંથી રાગદ્વેષ તો વિદાય થયાં, પણ ઘાતી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્મોનો પણ ક્ષય થઈ ગયો અને ગણધર ગૌતમનો પ્રભુ પ્રત્યે અડગ રાગનો ભ્રમ ભાંગ્યો અને એનામાં કેવળજ્ઞાન ઝળકી ઊઠ્યું! ગણધર ગૌતમ કેવળજ્ઞાની બની ગયા; ને ભગવાનનાં શબ્દો યાદ આવ્યા, ''ગોયમા! આપણે બંને સરખા થઈશું!''

ધન્ય પ્રભુ! ધન્ય શિષ્ય! ૨૫૨૯ વર્ષ પહેલા આસો માસની અમાવસ્યાની મધ્ય રાત્રિએ નિર્વાણ પામતાં પ્રભુ મહાવીરે જગતને અહિંસા, સંયમ, તપનો ત્રિવિધ ધર્મ દાખવી કષાયોથી મુક્ત થવા દેશના આપી અનેક જીવોને તાર્યા! જ્ઞાનદીપક ભલે બુઝાયો પણ એની યાદમાં અનેક દ્રવ્ય-દીવડા પ્રગટ્યા...અને એ જ રાતને અંતે ઊગતે પ્રભાતે ગણધર ગૌતમ ભલે જ્ઞાની હતાં પણ પ્રભુ પ્રત્યે અત્યંત રાગને કારણે 'કેવળજ્ઞાન' પામતા નહોતાં પણ પ્રભુએ એમને દૂર મોકલતા અને પોતે અંતે રાગના બંધન સમજતાં, રાગનાં ભ્રમમાંથી મુકત થયાં, ઘાતી કર્મો ખપી ગયા અને કેવળજ્ઞાન પામ્યા. એટલે સૌ ગાઈ રહ્યા.

જ્ઞાનદીપક બુઝ્યા, દ્રવ્ય-દિવડા પ્રગટ્યા,
રાગનો ભ્રમ ભાંગ્યો, કેવળજ્ઞાન ઝળક્યા!

ધન્ય એ અમાવસ્યાની રાત ને પછી પ્રભાત! કે આજે પણ જગતનાં લોકો 'ભગવાન મહાવીર' અને 'ગણધર ગૌતમ'ને ભક્તિભાવે યાદ કરી એ દિવસ એક મહાપર્વ તરીકે દિવાળી...દીપાવલી...દીપોત્સવી...તરીકે ઉજવે છે.

**नमो श्री महावीर पारंगताय।**
**नमो श्री गौताम गणधराय।।**

*[સભાના મુખપત્ર*
*આત્માનંદ પ્રકાશમાંથી સાભાર]*






For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




**શ્રી ભાવનગર નાગરિક સહકારી બેંક લિ.**

હેડ ઓફિસ : ૧૪, ગંગાજળીયા તળાવ, ભાવનગર ફોન : ૨૪૨૯૦૭૦, ૨૪૩૦૧૯૫

**: શાખાઓ :**

ફોન : કૃષ્ણનગર–૨૨૧૨૫૩૦, વડવા પાનવાડી–૨૪૨૫૦૭૧, રૂપાણી-સરદારનગર-૨૫૬૫૯૬૦, ભાવનગરપરા-૨૪૪૫૭૯૬, રામમંત્રમંદિર-૨૫૬૩૮૩૨, ઘોઘારોડ-૨૫૬૪૩૩૦, શિશુવિહાર-૨૪૩૨૬૧૪

**સલામત રોકાણ** — **આકર્ષક વ્યાજ**

| ડીપોઝીટ | વ્યાજનો દર | ડીપોઝીટ | વ્યાજનો દર |
|---|---|---|---|
| ૩૦ દિવસથી ૯૦ દિવસ સુધી | ૬.૦ ટકા | ૧ વર્ષથી ૩ વર્ષ સુધી | ૮.૦ ટકા |
| ૯૧ દિવસથી ૧૮૦ દિવસ સુધી | ૬.૫ ટકા | ૩ વર્ષ કે તે ઉપરાંત | ૮.૫ ટકા |
| ૧૮૧ દિવસથી ૧ વર્ષની અંદર | ૭.૫ ટકા | | |

૯૯ માસે રૂા. ૧૦૦૦/-ના રૂા. ૨૦૦૨/- મળશે.
સીનીયર સીટીઝનને F.D. ઉપર ૧ ટકો વધુ વ્યાજ આપવામાં આવે છે.

**વધુ વિગત માટે હેડ-ઓફિસ તથા નજીકની શાખાનો સંપર્ક સાધવો.**

મનહરભાઈ એચ. વ્યાસ — જનરલ મેનેજર
વેણીલાલ એમ. પારેખ — મેનેજિંગ ડિરેક્ટર
નિરંજનભાઈ ડી. દવે — ચેરમેન

**મેસર્સ ચીમનલાલ મુળચંદ શાહ**

**દરેક જાતના ઉચ્ચ ક્વોલીટીના અનાજ તથા કઠોળના વેપારી**

દાણાપીઠ, ભાવનગર.
ફોન : ૨૪૨૮૯૯૭-૨૫૧૭૮૫૪

રોહિતભાઈ ઘર : ૨૨૦૧૪૭૦
સુનીલભાઈ ઘર : ૨૨૦૦૪૨૬
પરેશભાઈ ઘર : ૨૫૧૬૬૩૯

શ્રી જૈન આત્માનંદ સભાના ઈનામી મેળાવડાનું ખૂબ જ જહેમત લઈ સફળતાપૂર્વક આયોજન અને સંચાલન કરવા માટે શ્રી મનહરભાઈ મહેતાને હાર્દિક અભિનંદન.

**મહાગુજરાત સિલ્ક સિલેક્શન**

**(પરંપરામાં ૪૭ વર્ષ)**

નોબલ્સ, નેહરૂબ્રીજ સામે, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૯.
ફોન : ૬૫૮૯૬૧૦, ૬૫૮૫૧૪૬

**એમ. જી. સિલ્વર જ્વેલર્સ**

**(કલાત્મક સિલ્વર જ્વેલર્સ માટે)**

બી-૮, નેહરૂબ્રીજ સામે, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

**શાહ મનસુખલાલ કુંવરજી**

(ટાણાવાળા પરિવાર) ફોન : ૬૫૮૯૪૧૦


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન પાઠશાળાના વિકાસ અંગે કાંઈક !

*પં. શ્રી ભુવનસુંદરવિજયજી ગણિ*
*પં. શ્રી ગુણસુંદરવિજયજી ગણિ.*

સમ્યગ્ દર્શન–જ્ઞાન–ચારિત્ર એ મોક્ષનો માર્ગ છે. દર્શન એટલે શ્રદ્ધા–વિશ્વાસ, જ્ઞાન એટલે અવબોધ–જાણકારી અને ચારિત્ર એટલે સદ્‌આચરણ કરવું અને દુઃઆચરણનો ત્યાગ કરવો. અહીં જ્ઞાન મધ્યવર્તી છે. એ શ્રદ્ધા લાવી આપે છે. શ્રદ્ધાને સ્થિર–મજબૂત કરે છે, એના આધારે જ સદાચારનું પાલન જાણી શકાય છે અને પછીથી પાલન કરી શકાય છે. અજ્ઞાની=અનાડી બિચારો પાપ અને પુણ્યને જ; સદાચાર અને દુરાચારને જ ઓળખતો નથી; એ શું સારૂં કરી શકે? ખરાબ છોડી શકે?

જ્ઞાન એ દીપક સમાન છે; સૂર્ય સમાન છે. ભક્ષ્ય–અભક્ષ્ય, પેય–અપેય, કર્તવ્ય–અકર્તવ્ય, વગેરેનો વિવેક આ જ્ઞાનદીપક ને આધારે જ હોય છે એટલે આ જ્ઞાન ખૂબ જરૂરી છે.

સમ્યગ્=સાચા=આત્મહિતકારી જ્ઞાનની પ્રાપ્તિ માટે જૈનાચાર્ય વગેરે સદ્‌ગુરુઓ પાસે જવું જરૂરી બને છે. પણ બધે જ સ્થળે, બધા જ સમયે આવા સદ્‌ગુરુઓની પ્રાપ્તિ સુલભ બનતી નથી અને એટલે જ આવા સદ્‌ગુરુઓ પાસેથી જેમણે સમ્યગ્ બોધ=જ્ઞાન=જાણકારી મેળવી હોય એવા ગૃહસ્થ ગુરુઓ પાસે ભણવા જવું પડે છે, આ મોટે ભાગે પાઠશાળા દ્વારા શક્ય બને છે.

આ પાઠશાળાની જરૂરિયાત અને વિકાસ એ જૈનશાસન માટે એક ખૂબ જ અગત્યની અને અનિવાર્ય વાત બની જાય છે. આપણે આવા વિકાસ માટેના કેટલાક મુદ્દા જોઈએ.

–પાઠશાળામાં નાના–મોટા. બધા જ ભણવા આવી શકે–આવવું જોઈએ. આચારમાર્ગને–જૈનવિધિમાર્ગને સારી રીતે સમજી શકેલ વ્યક્તિ જ સારી રીતે એનું પાલન કરી શકે છે. એટલે સ્કૂલ–કોલેજ–ટ્યુશન–પરીક્ષા વગેરેની વચ્ચે પણ પાઠશાળાના અભ્યાસનું મહત્ત્વ વિદ્યાર્થીઓના વાલીમાં હોવું જોઈએ. અને એમણે પ્રયત્નપૂર્વક પોતાના આશ્રિતને સમ્યગ્‌જ્ઞાન મળે એ માટે જાગૃત રહેવું જોઈએ.

–પાઠશાળાના અધ્યાપક પણ સારા શીક્ષિત–સંસ્કારી–જૈનધર્મપ્રેમી–જિનશાસન અનુરાગી હોવા જરૂરી છે. આવા અધ્યાપકો સ્હેલાઈથી બાળકોમાં સારૂં–સાચું જ્ઞાન આપવા સમર્થ બની શકે છે. બાળકોના ઉચ્ચારણશુદ્ધિ અને પૂર્વનું ભણેલું પાકું રહે એનો પણ ખ્યાલ રાખવો ખૂબ જ જરૂરી બને છે.

–પાઠશાળાના વિદ્યાર્થીની વય–અવસ્થા–બોધશક્તિના આધારે વર્ગો પાડી એ વર્ગનો જ નિયત કરેલો અભ્યાસ કરાવવો જોઈએ. વિદ્યાર્થીઓને અભક્ષ્ય–અનંતકાય ત્યાગ, રાત્રિભોજન ત્યાગ, ટી.વી. ,ત્યાગ વગેરેના સંસ્કાર મળે તે માટે પણ પ્રયત્ન કરવો જોઈએ.

–પાઠશાળાના પુસ્તકો પણ અલગ અલગ સંસ્થા–વ્યક્તિ–પ્રકાશકે છપાવેલાં નહીં પણ પ્રમાણિત એક જ સંસ્થાએ માન્ય કરેલા હોવા જોઈએ; જેથી એક વાક્યતા જળવાઈ રહે.

–પાઠશાળાના બાળકોની પરીક્ષા લેવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોઈએ, એમની ગુણવત્તા વધે–નિયમિતતા વધે–અભ્યાસ કરવાની ક્ષમતા–ખંત–હોંશ વધે–શિસ્ત વધે એ માટે એમને યોગ્યતા મુજબ સારો પુરસ્કાર પણ આપવો જોઈએ.

–અભ્યાસના વર્ગીકરણ મુજબ વિદ્યાર્થીઓને પ્રેક્ટિકલ જ્ઞાન પણ ખાસ આપવું જોઈએ. દા.ત. એમને સમાઈય વય જુત્તો સુધીના સૂત્રો પૂરા થાય તો સાથોસાથ સામાયિક લેતા–પારતા પણ વિધિપૂર્વક આવડવું જોઈએ, એ રીતે આગળ–આગળ સમજી લેવું.

–દેરાસરજીની દશત્રિકની વિધિ; ગુરુવંદનની વિધિ; પચ્ચક્ખાણની સમજ, વગેરે પણ કક્ષા મુજબ આપવી જોઈએ.

–બાળકોને અવસરે અવસરે શત્રુંજય–ગીરનાર–સમ્મેતશિખરજી આદિ તીર્થોની યાત્રા કરાવવા દ્વારા જૈન ધર્મના ભવ્ય ભૂતકાળની પ્રસાદી ચખાડવી જોઈએ.

–નાના નાના નાટકો, સંગીત–ગીત; ચિત્રકળા નંદ્યાવર્ત આલેખન, રંગોળી આદિના માધ્યમથી એને જિનભક્તિ, ગુરુભક્તિ, શાસનપ્રેમ; ધર્મઆરાધના, ધર્મ ખાતર બલિદાન આપવું વગેરે વાતોની સમજ અને બોધ આપવા જોઈએ.

–ખાસ કરીને વર્તમાનમાં જાણ્યે–અજાણ્યે, ઇચ્છાથી કે અનિચ્છાએ વિદ્યાર્થીઓનો અભ્યાસ ઈંગ્લિશ ભાષાના માધ્યમથી કરાવવાનું ખૂબ થઈ રહ્યું છે, વધી રહ્યું છે. આ અંગેની વિચારણા અહીં કરવી નથી પણ વાલીઓને ખાસ સૂચના કે પોતાના બાળકોને પોતાની માતૃભાષા હિન્દી–ગુજરાતી–મરાઠી બોલતા, વાંચતા–લખતા ખાસ ખાસ શિખવે. જૈન આગમ આદિ આધારિત સામાયિક–ચૈત્યવંદન–પ્રતિક્રમણના સૂત્રોને સાચી રીતે વ્યવસ્થિત લખી શકવાનું કે ઉચ્ચારી શકવાનું અંગ્રેજીભાષા શીખવવા સારી રીતે સક્ષમ નથી. બાળકોને સાચા ઉચ્ચાર શીખવવા માટે પોત–પોતાની માતૃભાષા હિન્દી આદિ ખૂબ જરૂરી પડે છે અને તે દરેક બાળકને શીખવવી ખૂબ જ જરૂરી બને છે.

–કલ્પસૂત્ર શાસ્ત્ર ઘરના નોકરો માટે ''કૌટુમ્બિક પુરુષ'' શબ્દ યોજે છે. એટલે પાઠશાળાના ટ્રસ્ટી વગેરેએ પણ પાઠશાળાના અધ્યાપકો સાથે ખૂબ જ ઔચિત્યયુક્ત વ્યવહાર કરવો જરૂરી બને છે. અધ્યાપક ગૃહસ્થ છે એટલે એને પણ વ્યાવહારિક–સામાજિક બંધન હોય છે જ અને તેથી એની એવી પરિસ્થિતિમાં પાઠશાળાની કાર્યવાહી પણ સચવાય અને અધ્યાપકની સાથેનો ઔચિત્યપૂર્ણ વ્યવહાર જળવાય એવો મધ્યમ માર્ગ શોધવો જરૂરી બને છે. અધ્યાપકની આર્થિક પરિસ્થિતિને પણ લક્ષમાં લેવી જરૂરી છે ઈત્યાદિ.

આવા અનેક પાસાઓના અમલ દ્વારા પાઠશાળાના વિદ્યાર્થીઓ કષાયમુક્તિ–કર્મમુક્તિ વગેરેમાં આગળ વધે એ જ શુભેચ્છા!

દીપક જ્યોતિ ટાવર
જૈન સંઘ
આંબેવાડી,
મુંબઈ-૪૦૦૦૩૩

*—પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયભાનુસૂ.મ.ના શિષ્યો*
*પં. ભુવનસુંદર વિજયજી ગણી*
*પં. ગુણસુંદરવિજયજી ગણી.*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અષ્ટાપદ-કૈલાસ માનસરોવર યાત્રા (૧૦)

*યાત્રિક : કાન્તિલાલ દીપચંદ શાહ*

## કૈલાસ પ્રદક્ષિણા

માનસરોવરમાં સ્નાન કરવા થકી સર્વે પાપોનો નાશ કરી પવિત્ર થઈને અમારા બેચના યાત્રિકોને દેવોના દેવ, શંકર ભગવાનના દર્શને જવા માટે બસમાં બેસીને દારચેન જવાનું હતું. દારચેન પહોંચતા પહેલા ઝાડપાન તથા માનવ વસવાટ વગરના બરખાના મેદાનમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે હિમ આચ્છાદિત કૈલાસ તથા શંકર ભગવાનના વાહન પોઠીયાના દર્શન થતા હતા. દારચેન કૈલાસ પરિક્રમાની તળેટી છે, તળેટીમાં બાર રૂમ અને સારી સગવડતાવાળું ગેસ્ટ હાઉસ છે. ગેસ્ટ હાઉસની બાજુમાં તથા થોડે દૂર તંબુઓમાં દુકાનો છે. યાત્રાને લગતી માળાઓ, મોતી, ઘંટ, ગુલાલ, કંકુ, વગેરે જુદી જુદી વસ્તુઓ મળતી હતી. આકાશ સ્વચ્છ હતું. આછો તડકો લાગતો હતો. ઠંડીનું પ્રમાણ સાધારણ હતું. ચારેક વાગ્યે દારચેન પહોંચ્યા. ચા-પાણી પી આરામ કરીને જમવા ગયા. ખીચડી તથા સુપ બનાવેલા. ખીચડી તદ્દન કાચી હતી. જાણવા મળ્યું કે કુકરનો વાલ્વ ખોવાઈ ગએલો એટલે ખીચડી કેવી બની હશે તેનો ખ્યાલ કરો. બીજે દિવસે ૫૪ કી.મી.ની કૈલાસની પ્રદક્ષિણા કરવાની હતી. પરિક્રમા કરતાં ત્રણ દિવસ અને બે રાત થાય. પહેલે દિવસે ૨૨ કી.મી. બીજે દિવસે ૨૦ કી.મી. અને ત્રીજે દિવસે ૧૨ કી.મી.ની યાત્રા કરવાની હોય છે.



દિલ્હીથી નીકળ્યાને આજે સોળમો દિવસ, સવારમાં શાંતિનો સંદેશો આપતા દક્ષિણ દિશાના ધવલ કૈલાસના અનુપમ દર્શન કરતાં તથા ૐ નમો શિવાય્નો જાપ' કરતા પરિક્રમા માટે પહેલા છ કી.મી. બસમાં જવાનું હતું. બસ સમયસર ઉપડી. શંકર ભગવાનની સ્તુતિની કેસેટો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાંભળતા બસ રસ્તો કાપી રહી હતી. સૂર્યના આગમન સાથે જ સૂર્યના કિરણો કૈલાસ પર પડતાં કૈલાસ પૂર્ણપણે સુવર્ણના રંગે જળહળી રહ્યો હતો. આવો લાભ ફરીથી મળે કે ન મળે તે સમજી બસમાંથી ઉતરીને દશેક મીનીટ એક ધારા કૈલાસના દર્શન કરતા રહ્યા.

આગળ જતા એક નદીના કાંઠે બસમાંથી ઉતર્યા. વાતાવરણ શાંત હતું. ઠંડીનું પ્રમાણ વિશેષ હતું. કૈલાસ પર્વતને જમણા હાથ ઉપર રાખીને ધીરે ધીરે કેડી ઉપર ચાલવા લાગ્યા. ચાલતા ચાલતા જપ કરતા હતા તથા ઉંડા શ્વાસ લેતા હતા. કારણકે જેમ જેમ ઉંચાઈ પર જઈએ તેમ તેમ ઓક્સીજન ઓછો થતો જાય છે. માથું ભારે લાગે છે. તદ્ ઉપરાંત ઠંડી અને વરસાદથી બચવા સુતરાઉ, ગરમ અને વિન્ડચીટર પહેર્યા હોવાથી તેનો પણ ભાર લાગતો હતો. કેડીની જમણી બાજુએ કરોડો વર્ષ પુરાણા ભૂરા તથા કાળા રંગના ઉંચા ઉંચા પહાડો હતા. ડાબી બાજુએ શાંત નિર્દોષ ભાવે નદી વહી રહી હતી. સામે કાંઠે ઝાડપાન વગરનું મેદાન હતું. ઘણા પુરાણાલોકમાં આવી ગયા તેવો ભાસ થાય. એકાદ કલાક ચાલ્યા પછી યાકવાળા યાક લઈને આવી ગયા. જેઓએ યાક ઉપર બેસવાનું નક્કી કર્યું હતું તેઓ ફટાફટ યાક ઉપર બેસી ગયા. બાકીનાએ ચાલતા પ્રદક્ષિણા કરી. કૈલાસને જમણી બાજુ ઉપર રાખીને ચાલતા હતા ત્યારે તિબેટી લોકો બૌદ્ધ સાધુઓ (લામા) અને યાક તથા યાકના રખેવાળના ટોળા ઉંધી દિશાએથી પ્રદક્ષિણા કરતા જોયા. એ લોકોની માન્યતા છે કે ઉંધી દીશાએથી કરીએ તો વધારે પુણ્ય મળે. કેટલાક સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતા પ્રદક્ષિણા કરે છે. પ્રદક્ષિણા કરતાં ૧૫ દિવસ લાગે.

માનસરોવરની પ્રદક્ષિણા ઘોડા ઉપર બેસીને થાય છે. જ્યારે કૈલાસની પ્રદક્ષિણા યાક નામના પ્રાણી ઉપર બેસીને થાય છે. યાક એ આપણા માટે નવું પ્રાણી છે. યાક પાળેલું પ્રાણી નથી. તે ભેંશને લગતું છે પણ ઉંચાઈમાં નાનું અને શરીરે પાતળું તથા ખૂબજ કાળા વાળવાળું પ્રાણી છે. યાક વાંકીચુંકી કેડી પર ચાલતા ઘણી વખત ડુંગર ઉપર તથા તળેટીમાં મનફાવે તેમ ચાલે છે. વળી ઘાસનો ચારો ચરવા દૂર દૂર નીકળી જાય છે. જ્યારે તેનો માલિક તેને આવાજ કરીને બોલાવે ત્યારે દોડતું આવે અને સાથે થઈ જાય. વળી ટોળામાં પણ ધક્કામુક્કી કરે. સૌથી આગળ નીકળી જવાની કોશિષ કરે. આવા સમયે ઉપર બેઠેલા યાત્રિક માટે પડી જવાનું જોખમ ઉભું થવાની શક્યતા રહે. યાકને લગામ તથા પગ રાખવા પેંગડા હોતા નથી જેથી પગ લટકતા રહે છે. પરિણામે ખાલી ચડી જાય છે. અને ઉતરી જવાનું મન થાય. આથી યાક ઉપર બેસવું આરામદાયક નથી. ન છૂટકે જ બેસવું. યાકની ડોક ઉપર લાકડાનું હેન્ડલ હોય છે તેને બરાબર પકડીને હિંમતથી બેસો તો અકસ્માતનો ડર રહેતો નથી. બાકી ડર્યા તો મર્યા! યાકવાળા તિબેટી લોકો માયાળુ અને ધાર્મિક વૃત્તિવાળા હોય છે. ચાલતા ચાલતાં મંત્ર જાપ અને માળા ગણતા હોય છે.

રસ્તામાં સ્વાદ વગરની તિબેટી ચા પીધી અથવા કહો કે ગરમ પાણી પીધું. યાક ઉપરથી પડી ગયેલા યાત્રિકોને દવા લગાડી પાટા બાંધ્યા. અડધો કલાક આરામ કરી નદીના પુલ પર થઈને સામે કિનારે ગયા. બાર વાગ્યા હતા. સૂર્ય તપી રહ્યો હતો. ગરમી લાગતી હતી. આકાશમાં એકાએક વાદળો આવી જાય. સૂર્ય ઢંકાઈ જાય અને અંધારૂ થઈ જાય અને અતિશય ઠંડો પવન વાવા લાગે. આ બાજુનો રસ્તો સરળ હોવાથી તકલીફ વગર યાત્રાના પહેલા કેમ્પે (ડિરાફુક) પહોંચ્યા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સામે જ લીંગ આકાર કૈલાસ પર્વત રૂપાથી મઢી ન દીધો હોય તેવો ઝગારા મારી રહ્યો હતો. અ..હા..હા! શું કૈલાસ પર્વતનું અનુપમ સૌંદર્ય શિવનું નિવાસ સ્થાન મહેલ મહેલાત્ નહિ પણ પ્રકૃતિ સૌંદર્યથી ભરપૂર (નાગાધિરાજ હિમાલય પર્વતના) કૈલાસ પર્વતના ઉન્નત શિખરે આવેલું છે. શિખર જોઈને શ્વાસ થંભી ગયા. અવાચક્ થઈ ગયા. આંખમાંથી આંસુ ટપકવા લાગ્યા. મહાદેવજીના દર્શન કરીને યાત્રા પૂર્ણ કર્યાનો આનંદ અનુભવતા હતા. કૈલાસથી બે કી.મી. દૂર ઠંડીથી બચવા કુણા તડકામાં બેસી પર્વતમાંથી નીકળતી ઉર્જાને અમારી ઉર્મીઓમાં ભરી મનમાં રસપાન કરતા રહ્યા. અદ્‌ભુત શક્તિ અને પવિત્રતાનો અનુભવ કરવા લાગ્યા. કેટલાક નાચતા નાચતા હર્ષ પ્રગટ કરવા લાગ્યા. હરહર મહાદેવ, ૐ નમઃશિવાયના મંત્ર બોલવા લાગ્યા. મેં મહામંત્ર નમસ્કારનો જાપ કર્યો. લગભગ અડધો કલાક એકીટસે કૈલાસને જોઈને બેસી રહ્યા. હું એટલો બધો થાકી ગયેલો કે ચાલી શકાતું ન હતું. છ વાગ્યે એકાએક વાદળો ધસી આવ્યા અને મહાદેવજી દેખાતા બંધ થયા. ધીમેથી આખા પ્રદેશમાં ધુમ્મસ છવાઈ ગયું. ઠંડો પવન ફુંકાવા લાગ્યો અને હાડ ગાળી નાંખે તેવી ઠંડી શરૂ થઈ.

કૈલાસ પર્વત આસપાસના સમસ્ત શિખરોમાં સૌથી ઉંચું છે. પર્વત કસોટીના કાળા પથ્થરનો બનેલો છે. આખો પર્વત ઉજ્જવલ બરફથી ઢંકાયેલો છે. આસપાસના પર્વતો લાલ માટી જેવા કાચા પથ્થરના છે. અને તેના પર જરાપણ બરફ નથી. પર્વત ઉપર નથી કોઈ મંદિર કે મૂર્તિ. સ્વયં પર્વત જ મૂર્તિસ્વરૂપ છે. પાસે જઈ શકાતું નથી. પછી ઉપર ચડવાની તો વાત જ ક્યાં? થોડા સમય પહેલાં નેપાલ સરકારે હેલીકોપ્ટર દ્વારા હવાઈ પ્રદક્ષિણા કરાવવાની શરૂઆત કરેલી. કોઈપણ કારણસર બંધ કરેલ છે. ડેરાફુક ગેસ્ટહાઉસમાં ફક્ત ચાર જ ઓરડીઓ હતી અને તેમાં પથ્થરથી બાંધેલો મોટો ઓટલો હતો. જેના ઉપર જાડી ચાદર બીછાવેલી તથા ઓઢવા માટે ચાઈનીઝ ધાબળા આપ્યા હતા. રૂમમાં ઠંડીનું પ્રમાણ ઓછું હતું. આવતી કાલે ઉંચામાં ઉંચું અને કઠણમાં કઠણ ચડીને ડોલ્મા પાસ પસાર કરવાનો હતો.

ઇ.સ. ૯૭૦ આસપાસ બૌદ્ધધર્મી મિલારેપા કરીને સિદ્ધ પુરુષ થઈ ગયા. તેઓની પાસે ઘણી સિદ્ધિઓ હતી. એમ કહેવાય છે કે તેઓ સૂર્યના કિરણો પકડીને કૈલાસ પર્વત ઉપર ચડી ગયા હતા. *(ક્રમશઃ)*

**છેલ્લા ચાર વર્ષથી શ્રી જૈન આત્માનંદ સભાના ઇનામી મેળાવડાનું આયોજન અને સંચાલન માટે ૭૧ વર્ષનાં યુવાન જેવા શ્રી મનહરભાઈ મહેતાને અભીનંદન. આવા આયોજનો ગોઠવી સુસુપ્ત સંસ્થાને જાગૃત કરતા રહો તેવી અભ્યર્થના.**

**બી સી એમ કોરપોરેશન**

**(હોલસેલ ફાર્માસ્યુટીકલ ડીસ્ટ્રીબ્યુટર્સ)**

નં. ૧, કલ્પના સોસાયટી, નવરંગપુરા પોસ્ટ ઓફિસ પાછળ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

ફોન : ૦૭૯-૬૪૨૭૨૦૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર આયોજિત
# શિષ્યવૃત્તિ તથા સંસ્કૃત પારિતોષિક એનાયત સમારંભ




શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગરના ઉપક્રમે ગત તા. ૧૭-૮-૦૩ ને રવિવારના રોજ કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થી ભાઈ–બહેનોને શિષ્યવૃત્તિ તથા ધો. ૧૦ અને ધો. ૧૨મા સંસ્કૃત વિષયમાં સારા માર્ક્સ સાથે ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થી ભાઈ–બહેનોને સંસ્કૃત વિષયક પારિતોષિક એનાયત સમારંભ શાનદાર રીતે ઉજવવામાં આવેલ.

**શિષ્યવૃત્તિ** : ગાંધી મહેન્દ્ર ચત્રભુજ એજ્યુકેશનલ ટ્રસ્ટ–ઘાટકોપર–ઈસ્ટ–મુંબઈના ટ્રસ્ટીવર્યશ્રી રજનકાંતભાઈ લલ્લુભાઈ ગાંધી તરફથી કોલેજમાં અભ્યાસ કરતાં ૭૪ વિદ્યાર્થી ભાઈ–બહેનોને શિક્ષણ સહાય એનાયત કરવામાં આવેલ.

**સંસ્કૃત પારિતોષિક** : સુરત નિવાસી શેઠશ્રી ચંપકલાલ મગનલાલ વોરા [હસ્તે શ્રી શૈલેષભાઈ વોરા] તરફથી ધો. ૧૨ના ૧૪ તથા ધો. ૧૦ના ૩૦ મળી કુલ ૪૪ વિદ્યાર્થી ભાઈ–બહેનોને રોકડ રકમ, મોમેન્ટો તથા પૂજાબેગ અર્પણ કરવામાં આવેલ.

દરેક વિદ્યાર્થી ભાઈ–બહેનોને આ સભાના કારોબારીના સભ્યશ્રી નિરંજનભાઈ સંઘવી [કમલ ઈન્ડસ્ટ્રીઝવાળા] તરફથી એક આકર્ષક બોલપેન શુભેચ્છા સહ અર્પણ કરવામાં આવેલ.

શ્રી જૈન આત્માનંદ સભા તરફથી સંસ્કૃત વિષયક આકર્ષક અભિનંદન પત્ર તથા આ સભાના સ્થાપક ન્યાયાંભોનિધિ પૂ.આ.શ્રી વિજયજયાનંદસૂરીશ્વરજી મહારાજ સાહેબ [આત્મારામજી મ.સા.]નો એક રંગીન ફોટો દરેક વિદ્યાર્થી ભાઈ–બહેનોને દર્શનાર્થે અર્પણ કરવામાં આવેલ.

આ શુભ અવસરે ખાસ પધારેલ શ્રીમતી હંસાબેન પારેખ ડૉ. શ્રી હસમુખભાઈ પારેખ [ડોનર શ્રી રજનીકાંતભાઈના બહેન–બનેવી] તથા શ્રી શૈલેષકુમાર ચંપકલાલ વોરાનું સ્વાગત સંસ્થાના માનદ્ મંત્રીશ્રી મનહરભાઈ મહેતા દ્વારા કરવામાં આવેલ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમારંભનો પ્રારંભ પ્રાર્થનાગીતથી કરવામાં આવેલ. ત્યારબાદ પ્રાસંગિક પ્રવચનમાં સભાના પ્રમુખશ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ દ્વારા આ સભાની રૂપરેખા પર પ્રકાશ પાડવામાં આવેલ. સંસ્કૃત વિષય અંગેની વિશેષ જાણકારી સભાના કારોબારીના સભ્યશ્રી ભાસ્કરભાઈ વકીલ દ્વારા આપવામાં આવેલ. પ્રસંગોચિત્ત પ્રવચનો સભાના ઉપપ્રમુખ શ્રી જસવંતરાય સી. ગાંધી તથા આભાર વિધિ સંસ્થાના ઉપપ્રમુખશ્રી દિવ્યકાંતભાઈ સલોત દ્વારા રજૂ કરવામાં આવેલ.

આ સમારંભ પ્રસંગે સભાના પ્રમુખ શ્રી પ્રમોદકાંતભાઈ કે. શાહ તથા ઉપપ્રમુખ શ્રી દિવ્યકાંતભાઈ એમ. સલોત, શ્રી જસવંતરાય સી. ગાંધી, શ્રી મનહરભાઈ કે. મહેતા, શ્રી ચંદુલાલ ડી. વોરા, શ્રી ચીમનલાલ વી. શાહ, શ્રી હસમુખલાલ જે. શાહ, હારીજવાળા–શ્રી નવીનભાઈ કામદાર, શ્રી ભાસ્કરભાઈ વકીલ, શ્રી પ્રવીણભાઈ સંઘવી તથા શ્રી નિરંજનભાઈ સંઘવી પધાર્યા હતા.

આ ઇનામી સમારંભના વિદ્યાર્થી ભાઈ–બહેનો ઉપરાંત તેમના વાલીઓએ પણ આ સુઅવસરને અનુલક્ષી વિશાળ સંખ્યામાં હાજરી આપી હતી.

## 'જૈના'ના પ્રમુખ તરીકે શ્રી અનૂપ વોરા

અમેરિકા અને કેનેડાના ૫૭ જેટલા જૈન સેંન્ટરોના ફેડરેશન 'જૈના'ના પ્રમુખ તરીકે અમેરિકાના સિનસિનાટી શહેરમાં યોજાયેલા કન્વેન્શનમાં શ્રી અનૂપ વોરાની સર્વાનુમતે પસંદગી થઈ છે. મિકેનિકલ એન્જિનિયરીંગ અને બિઝનેસ એડમિનિસ્ટ્રેશન એમ બંને વિષયમાં માસ્ટર્સની પદવી મેળવનાર ડૉ. અનૂપ વોરા જૈન સોસાયટી ઓફ રોચેસ્ટરના પ્રમુખ તેમજ મહાવીર જૈન વિદ્યાલયની એલોમની એસોસીએશનના સ્થાપક પ્રમુખ છે. જૈન ધર્મના જુદા જુદા વિષયો પર લેખો અને પુસ્તકો લખનાર શ્રી અનૂપ વોરાએ ભારતથી અભ્યાસ માટે આવતા વિદ્યાર્થીઓને લોન અને સ્કૉલરશીપ મળે, તેવા આયોજનોમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે તેમજ ગુજરાતમાં આવેલા ભૂકંપમાં તથા વલ્લભીપુર નજીક આવેલા તેમના વતન પછેગામમાં અનેકવિધ સામાજિક પ્રવૃત્તિમાં સક્રિય યોગદાન કર્યું છે.

## નમ્ર અપીલ

**શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગરના માનવંતા પેટ્રન મેમ્બરશ્રીઓ તથા આજીવન સભ્યશ્રીઓ.**

**આ અંકમાં સભાના ગત વર્ષના વાર્ષિક હિસાબો [આવક–જાવક તથા પાકું સરવૈયું] પ્રગટ કરવામાં આવેલ છે. આપશ્રી જોઈ–સમજી શકશો કે સભા પાસે અત્યંત ટૂંકી મુડી છે. હમણાં સુધીના બેન્કોના વ્યાજના દર અને હવે પછીના વ્યાજના દરોમાં ઘણો જ મોટો તફાવત આવેલ છે. જેના કારણે સંસ્થાના નિભાવમાં ઘણી જ તકલીફ પડે છે.**

**આથી આપ સૌને નમ્ર વિનંતી કે સભાનું સુવ્યવસ્થિત સંચાલન કરી શકાય તે માટે યથાશક્તિ ભેટ–દાન મોકલશોજી. તેવી આપ સૌ પાસે આ સંસ્થા અપેક્ષા રાખે છે.**

***શ્રી જૈન આત્માનંદ સભાના વ્યવસ્થાપકો.***

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર તા. ૩૧-૩-૦૩ના રોજનું પાકું સરવૈયું

| ફંડ તથા દેવું | | | મિલ્કત તથા લેણું | | |
|---|---|---|---|---|---|
| ૨,૨૨,૯૬૧.૦૦ | પેટ્રન મેમ્બર ફી ફંડ | ૦૧ | ૩૭,૮૮૩.૦૦ | આત્માનંદ ભુવન ખાતું | ૧૫ |
| ૧,૬૧,૬૩૮.૦૦ | આજીવન સભ્ય ફી ફંડ | ૦૨ | ૧૮,૮૩૧.૦૦ | આત્મકાંતિ ભુવન ખાતું | ૧૫ |
| ૨,૦૦,૮૪૨.૦૦ | કેળવણી સહાયક કાયમી ફંડ | ૦૪ | ૫૪,૬૦૧.૦૦ | પુણ્ય ભુવન ખાતું | ૧૫ |
| ૩,૪૯૫.૦૦ | સાધર્મિક કાયમી અના. ફંડ | ૦૪ | ૨,૩૨,૨૫૦.૦૦ | યુ.ટી.આઈ. સી.આર.ટી. ખાતું | ૧૭ |
| ૫,૬૨૩.૦૦ | સ્કોલરશીપ કાયમી અના. ફંડ | ૦૫ | ૯૯,૮૦૦.૦૦ | યુ.ટી.આઈ. ૬૪ ખાતું | ૧૮ |
| ૧,૫૪,૩૭૦.૦૦ | જયંતી પૂજા કાયમી અના. ફંડ | ૦૫ | ૧,૨૭,૦૬૮.૦૦ | તીર્થંકર ચરિત્ર [સચિત્ર] | ૧૯ |
| ૧,૯૧૭.૦૦ | કા.સુ. ૧ કાયમી અના. ફંડ | ૦૬ | ૬૫.૦૦ | ઈલેક્ટ્રીક સીટી ડીપોઝીટ | ૨૦ |
| ૭૩૦.૦૦ | સિદ્ધાચલ દેરી કા. અના. ફંડ | ૦૬ | ૫૫.૦૦ | ભાવ. ઈલે. સીટી ડીપોઝીટ | ૨૦ |
| ૪,૨૩૫.૦૦ | ડેડ સ્ટોક ઘસારા ફંડ | ૦૭ | ૨૦.૦૦ | ગુજ. વિદ્યુત બોર્ડ ડીપોઝીટ | ૨૦ |
| ૧,૨૭,૧૧૫.૦૦ | પુસ્તક પ્રકાશન ફંડ | ૦૭ | ૧૧૫૮.૮૪ | ભાવ. નાગરિક બેન્ક-સેવીંગ | ૨૭ |
| ૧૧,૧૩૦.૦૦ | મકાન ઘસારા ફંડ | ૦૭ | ૩૮૪૭.૨૦ | વર્ધમાન કો. ઓ. બેન્ક સેવીંગ | ૨૮ |
| ૬૬,૬૬૬.૦૦ | ઠાણાંગસૂત્ર પ્રકાશન ફંડ | ૦૮ | ૨૭,૫૮૪.૫૨ | ભાવ.મર્ક.કો.ઓ. બેન્ક સેવીંગ | ૨૯ |
| ૧૩,૦૦૦.૦૦ | શતાબ્દિ મહોત્સવ ફંડ | ૦૮ | ૧૪,૫૮૮.૯૫ | યુનીયન BOI સેવીંગ | ૩૧ |
| ૧,૫૫૩.૦૦ | મકાન ડીપોઝીટ ખાતું | ૦૯ | ૧૫,૦૦૦.૦૦ | વર્ધમાન કો. ઓ. બેન્ક FDR | ૩૨ |
| ૮,૨૬૬.૦૦ | કેળવણી સહાયક ચાલુ ફંડ | ૧૦ | ૨,૪૫,૦૦૦.૦૦ | ભાવ. નાગરિક બેન્ક FDR | ૩૨ |
| ૨,૫૩,૦૦૦.૦૦ | જ્ઞાનભંડાર કા.અ. કોર્પસ ફંડ | ૧૧ | ૨,૦૦,૦૦૦.૦૦ | ભાવ. મર્ક. બેન્ક FDR | ૩૩ |
| ૩૪,૬૫૦.૦૦ | નફા-નુકસાન ખાતે | ૪૬ | ૧,૭૦,૦૦૦.૦૦ | યુનિયન BOI FDR | ૩૩ |
| | | | ૧૧,૮૪૪.૦૦ | ડેડ સ્ટોક ફર્નિચર ખાતું | ૩૯ |
| | | | ૨,૦૦૦.૦૦ | ટેલીફોન ડીપોઝીટ ખાતું | ૬૬ |
| | | | ૧,૬૦૦.૦૦ | મુકેશ એ. સરવૈયા લોન ખાતું | ૭૦ |
| | | | ૭,૧૪૦.૦૦ | ઈન્કમટેક્ષ વ્યાજ TDS ખાતું | ૭૧ |
| | | | ૮૫૫.૦૦ | શ્રી પુરાંત તા. ૩૧-૩-૦૩ | |
| ૧૨,૭૧,૧૯૧.૦૦ | | | ૧૨,૭૧,૧૯૧.૦૦ | | |

નોંધ : અમારા આ સાથેના આજ તારીખના રીપોર્ટ મુજબ તા. ૨૩-૭-૨૦૦૩ ભાવનગર.

પ્રમોદકાંત ખીમચંદ શાહ
પ્રમુખ

દિવ્યકાંત એમ. સલોત
જસવંતરાય સી. ગાંધી
ઉપપ્રમુખ

મનહરલાલ કે. મહેતા
ચંદુલાલ ડી. વોરા
ચીમનલાલ વી. શાહ
માનદ્ મંત્રીઓ

હસમુખલાલ જે. શાહ
ખજાનચી

આર. એ. શેઠ એન્ડ કું
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ

For Private And Personal Use Only

# શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર તા. ૩૧-૩-૦૩ સુધીનું ઉપજ–ખર્ચ ખાતુ

| આવક | | | ખર્ચ | | |
|---|---|---|---|---|---|
| ૨૭૭.૦૦ | શ્રી પ્રમુખ સન્માન સમારંભ | ૦૯ | ૨૭,૮૭૫.૦૦ | વ્યાજ ખર્ચ ટ્રાન્સફરથી | ૧૩ |
| ૯,૧૨૦.૦૦ | શ્રી મકાન ભાડા આવક ખાતુ | ૨૬ | ૩૫૦.૦૦ | તીર્થંકર ચરિત્ર ભેટ ખાતુ | ૧૯ |
| ૬૩,૬૩૪.૦૦ | શ્રી બેન્ક FDR વ્યાજ આવક | ૩૪ | ૧,૮૯૬.૦૦ | લાઈટ બીલ ખર્ચ ખાતુ | ૪૦ |
| ૧,૦૨૪.૦૦ | શ્રી બેન્ક સેવીંગ વ્યાજ આવક | ૩૬ | ૧,૮૮૩.૦૦ | વિમા ખર્ચ ખાતુ | ૪૦ |
| ૮,૧૯૬.૦૦ | શ્રી યુનીટ ટ્રસ્ટ વ્યાજ આવક | ૩૭ | ૧,૦૫૦.૦૦ | ઓડિટ ફી ખર્ચ ખાતુ | ૪૧ |
| ૧૪,૦૦૦.૦૦ | શ્રી આત્માનંદ પ્રકાશ | | ૫૦૦.૦૦ | કાનૂની ફી ખર્ચ ખાતુ | ૪૧ |
| | જાxખ આવક | ૫૭ | ૨,૦૯૭.૦૦ | ચેરીટી કમિશ્નર ફાળા ખાતુ | ૪૧ |
| ૨,૩૭૩.૦૦ | શ્રી પસ્તી વેચાણ આવક ખાતુ | ૫૮ | ૪૦૩.૦૦ | લાઈબ્રેરી ખર્ચ ખાતુ | ૪૨ |
| ૧,૩૮૫.૦૦ | શ્રી જ્ઞાન આવક ખાતુ | ૫૯ | ૧૭૧.૦૦ | બેન્ક કમીશન ખર્ચ ખાતુ | ૪૩ |
| ૪,૧૫૩.૦૦ | શ્રી પરચુરણ ભેટ આવક | ૬૦ | ૪૬૩.૦૦ | પોસ્ટેજ ખર્ચ ખાતુ | ૪૪ |
| ૨૮,૩૩૩.૦૦ | શ્રી પુસ્તક વેચાણ આવક | ૬૧ | ૬૮૬.૦૦ | સ્ટેશનરી/પ્રીન્ટીગ ખર્ચ | ૪૫ |
| ૧,૦૦૧.૦૦ | શ્રી સભા નિભાવ ફંડ ખાતુ | ૬૫ | ૪,૩૩૧.૦૦ | દૈનિક વર્તમાન પેપર ખર્ચ | ૪૬ |
| ૩૬૯.૦૦ | શ્રી કેળવણી ઉત્તેજન સહાય | ૬૭ | ૧૦,૬૯૭.૦૦ | પરચુરણ ખર્ચ ખાતુ | ૪૮ |
| | | | ૪૨,૦૦૦.૦૦ | પગાર ખર્ચ ખાતુ | ૫૪ |
| | | | ૧૨,૬૭૯.૦૦ | આત્માનંદ પ્રકાશ પ્રકાશન | ૫૬ |
| | | | ૨,૩૦૦.૦૦ | બોનસ ખર્ચ ખાતુ | ૫૮ |
| | | | ૬૯૨.૦૦ | બોણી ખર્ચ ખાતુ | ૫૮ |
| | | | ૨૪૦.૦૦ | શ્રી ઈલેકટ્રીક મેન્ટેનન્સ ખર્ચ | ૬૨ |
| | | | ૨,૩૮૮.૦૦ | ટેલીફોન ખર્ચ ખાતુ | ૬૬ |
| | | | ૧૧,૧૩૦.૦૦ | મિલ્કત ઘસારા ખાતુ | ૦૮ |
| | | | ૧,૨૩,૮૩૧.૦૦ | | |
| | | | ૧૦,૦૩૪.૦૦ | આવકના ખર્ચ કરતાં વધારો નફાનુકસાન ખાતે (સરવૈયા)માં લઈ ગયા. | ૪૭ |
| ૧,૩૩,૮૬૫.૦૦ | | | ૧,૩૩,૮૬૫.૦૦ | | |

પ્રમોદકાંત ખીમચંદ શાહ
પ્રમુખ

દિવ્યકાંત એમ. સલોત
જસવંતરાય સી. ગાંધી
ઉપપ્રમુખ

મનહરલાલ કે. મહેતા
ચંદુલાલ ડી. વોરા
ચીમનલાલ વી. શાહ
માનદ્ મંત્રીઓ

હસમુખલાલ જે. શાહ
ખજાનચી

આર. એ. શેઠ એન્ડ કું
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પ્રભુ મહાવીર

લે : અરૂણાબેન બાબુલાલ શાહ

જૈન વિજ્ઞાન તે અદ્‌ભુત વિજ્ઞાન છે. તીર્થંકર મહાપુરુષોની તે ભેટ છે. આ અદ્‌ભુત વિજ્ઞાન તેઓએ પોતાના અનંત જ્ઞાનથી બતાવ્યું છે. આ મહાપુરુષોએ કોઈને નડતર થયા વિના, કોઈને દુઃખ આપ્યા વિના બંધનમાંથી મુક્ત થવાનો અદ્‌ભુત ઉપાય બતાવ્યો છે, જે અલૌકિક છે. કોઈ પણ જીવ તેમાંથી નીપજતું સત્ય પામી જીવન ધન્ય કરી શકે છે. પ્રભુની આજ્ઞાનું આરાધન એ જ ધર્મ. પ્રભુ મહાવીર ફરમાવે છે કે જે એકને જાણે છે તે બધાયને જાણે છે. આ એક તે કોણ? અનંતજ્ઞાની તીર્થંકર ભગવંતોની આ શોધ છે. જે વસ્તુ વિજ્ઞાન નથી બતાવી શક્યું ત્યાં પ્રભુની દૃષ્ટિ પહોંચી છે.

'હું કોણ?' દેહ, મન, બુદ્ધિથી પર સચ્ચિદાનંદસ્વરૂપી આત્મા. દેહનો મહિમા છે જ. પણ દેહની સાથે દેહમાં 'હું' છું તેનો મહિમા અનેરો જ છે. દેહ સાથે 'હું' હોય તો જ દેહની કિંમત છે. 'હું' ના બે પ્રકાર, દશ્ય 'હું' અને અદશ્ય 'હું'. લૌકિક વ્યવહારમાં દશ્ય 'હું' માનવી તરીકે ઓળખાય છે. અદશ્ય 'હું' આત્મા તરીકે ઓળખાય છે, જે અતીન્દ્રિય છે. (ઇન્દ્રિયો વડે દશ્યમાન નથી.) સાધનાનાં બળે આત્માને જાણી, માણી, પામી શકાય છે. ચૈતન્યની રુચિ જાગે તો માનવ ચૈતન્યનાં ઊંડાણ સુધી જઈ તેને પામી શકે છે. 'હું' એટલે સચ્ચિદાનંદસ્વરૂપી આત્મા. એટલું જ નહીં પણ દેહ અને આત્મા એકબીજાથી ભિન્ન છે– સંસારના સર્વ પદાર્થો આત્માથી ભિન્ન છે. આ ભાવના ખીલતી જાય તો શરીર પરનું તેમજ જડ ભૌતિક પદાર્થોનું આકર્ષણ કે મહત્ત્વ ઘટતું જાય. 'હું દેહ છું' તે ભ્રમ છે. તે સંસારનું મૂળ છે! 'હું આત્મા છું' તે સત્ય છે અને તે મોક્ષનું મૂળ છે. 'હું' અને 'મારું'નો અર્થ ફેરવી નાખો; દૃષ્ટિ જ્ઞાનમય બની જશે. જીવનની મહત્તા આત્મજ્ઞાન પામવામાં જ છે. આત્મજ્ઞાન એ બુદ્ધિજન્ય કે વાચાજ્ઞાનથી પર અનુભવજન્ય જ્ઞાન છે.

પ્રભુ મહાવીરનું મહિમાજ્ઞાન એટલે મનુષ્યત્વની આત્મજ્ઞાનથી–સમ્યગ્‌દર્શનથી શરૂ કરીને કેવળજ્ઞાનમાં પૂર્ણતા પામતી મંગળમય યાત્રા. એટલે કે પ્રભુના પહેલા ભવથી શરૂ થઈને ૨૭માં ભવ સુધીની યાત્રા. માનવીની મોટામાં મોટી શોધ તે પોતાની જાતની શોધ છે.

ઇષ્ટની પ્રાપ્તિ અને અનિષ્ટના નિવારણ માટે સાધુજીવનમાં પ્રભુ મહાવીરે કરેલ સાડાબાર વર્ષની ઘોર તપશ્ચર્યા. પુરુષાર્થ અને સાધના, સમતા અને શાંતતા! એકાંત વનમાં શાંત અને સ્વસ્થ રહી, કરેલા કર્મોના ફળરૂપે ઉપસર્ગોમાં અપ્રમત્ત રહી, સમત્વભાવે ભોગવી લીધા! જે કર્મો આવ્યા તે પ્રયત્નપૂર્વક જવાના છે. ખંખેરાવાના છે. પ્રભુએ ચિંતા નવા કર્મબંધની કરી. હવે રાગદ્વેષ કરીને આર્તધ્યાન કે રૌદ્રધ્યાનના સહારે નવા કર્મોનું ઉપાર્જન નથી કરવું. સમતા અને શાંતતા તે જ પ્રભુનું આયુધ. પ્રભુની સાધના દરેક વિકારના મૂળ સુધી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પહોંચી. કર્મોનું બીજ નષ્ટ કરતાં જ ગયા. પરિસ્થિતિનાં કર્તા અને ભોક્તા નહીં પણ માત્ર દૃષ્ટા જ રહ્યા. કાયાની જડતા, વાણીની કટુતા અને ચિત્તની અસ્થિરતાથી પર રહી કાઉસ્સગમાં લીન રહી સતત જાગ્રત રહ્યા. લાંબા સમયે કર્મબંધનો તૂટતા ગયા. વિકાર અને વાસનાની પકડમાંથી છૂટતાં, મોહનીય આદિ કર્મોનો ક્ષય કરી ફળસ્વરૂપે કેવળજ્ઞાન પામી, પૂર્ણતાને પામ્યા. આત્માનું અનંત જ્ઞાન તે કેવળજ્ઞાન–પૂર્ણજ્ઞાન. સર્વજ્ઞાની ભગવંત ચરાચર વિશ્વના અનંત પદાર્થોને દ્રવ્ય, ગુણ પર્યાય સહિત જુએ છે, આત્માના મનોગત ભાવોને જાણે છે. પ્રભુએ જે આત્માનું સ્વરૂપ બતાવ્યું છે, તેમાં ચિંતન, મનન સાથે ઊંડા ઊતરીએ. ચિંતન શક્તિ અલૌકિક શક્તિ છે. આત્માની અનંત શક્તિને સ્પર્શ કરીને તેને જગાડી શકાય. પોતે પોતાના જ જ્ઞાનથી અનુભવી શકાય. સાધના એટલે જીવની આત્મા તરફની ગતિ, જે શુદ્ધ આત્માના સ્વરૂપ ઉપર છવાઈ ગયેલા દોષોનું નિરાકરણ કરે, દૈવી વૃત્તિઓનું પ્રગટીકરણ કરે, મનની ગતિ જે દેહ તરફની છે તે આત્મા પ્રતિ પ્રસ્થાન કરે. પ્રભુ મહાવીરની ઘોર સાધના આપણને શીખવે છે કે સહન કરો, શુદ્ધ બનો, સંપૂર્ણ બનો. પ્રભુએ રાગદ્વેષથી મુક્ત થવા માટે અને આત્માની જાણકારી મેળવવા નવતત્ત્વની અને છ દ્રવ્યોની જાણકારીને મહત્વની કહી છે. યથાર્થ જાણકારી જેમ જેમ વધતી જાય તેમ તેમ ચૌદગુણસ્થાનો કે જેની યાત્રા મિથ્યાત્વથી શરૂ થઈ કેવલજ્ઞાનમાં પૂર્ણ થાય છે તે સમજાતું જાય છે. જીવે ક્રમે ક્રમે મોક્ષમાર્ગમાં ડગ ભરવાના છે. નવતત્ત્વ આ પ્રમાણે છે. જીવ–અજીવ–પાપ–પુણ્ય–આશ્રવ–સંવર –નિર્જરા-બંધ અને મોક્ષ. આત્માના છ પદ આ પ્રમાણે છે :—આત્મા છે, આત્મા નિત્ય છે, તે કર્મોનો કર્તા છે, કર્મોનો ભોક્તા છે, અનંતા ભવોના બાંધેલા કર્મોથી–સંસારથી જન્મમરણના ફેરામાંથી મુક્ત થવાનો ઉપાય છે એટલે કે મોક્ષ છે અને મોક્ષનો ઉપાય છે. શરીરને આત્મકલ્યાણ સાધવાનું સાધન બનાવવાનું છે.

સમવસરણમાં બિરાજેલ પ્રભુનું આંતરિક સૌંદર્ય સોળે કળાએ ખીલી ઊઠ્યું છે. ઇન્દ્રભૂતિ ગૌતમની દૃષ્ટિ જો ઊઘડી જાય તો જૈન ધર્મના ઉત્કર્ષ માટે આ અનોખી પ્રતિભા છે. ગુરુ–શિષ્યની અદ્‌ભુત જોડી ! પ્રભુએ ગૌતમસ્વામીના માધ્યમ દ્વારા જીવોને જાગૃત કર્યા. ગૌતમસ્વામી જન્મથી બ્રાહ્મણ હતા પણ કર્મથી જૈન બન્યા. પ્રભુના ચરણમાં અડગ શ્રદ્ધા અને ભક્તિ હતા. ઉત્પાદ, વ્યય, અને ધ્રૌવ્ય આ ત્રણ શબ્દોથી ગૌતમસ્વામીને દ્વાદશાંગી રચવાની પ્રેરણા મળી. આત્મશક્તિનો ખજાનો તો ગુરુ ગૌતમમાં હતો પણ તેને પ્રભુ મહાવીરે જાગ્રત કર્યો જૈન ધર્મનું બંધારણ, દ્વાદશાંગીનું મૂળ તે ત્રિપદી દ્રવ્ય-ગુણ અને પર્યાય છે. આત્મા એ દ્રવ્ય છે. જ્ઞાનદર્શન એ તેના શાશ્વત ગુણો છે. ફૂલ અને તેની સુગંધ કદી છૂટા પડતા નથી. શરીર એ પર્યાય છે. પર્યાય એટલે પદાર્થની વર્તમાન અવસ્થા (આકૃતિ) કે જે નાશવંત છે. પ્રત્યેક પદાર્થની અવસ્થા બદલાય છે પણ વસ્તુનું દ્રવ્યત્વ કાયમ રહે છે. પર્યાયથી (શરીરથી) દૃષ્ટિ ઉઠાવી નિજ દ્રવ્યને (આત્માને) ઓળખવો. સર્વક્લેશ અને દુ:ખથી મુક્ત થવાનો ઉપાય આત્મજ્ઞાન છે.

૨૬૦૦ વર્ષ પૂર્વેનું એ અતીત. પ્રભુએ ક્રાંતિ કરી–હિંસાવાદની સામે અહિંસાવાદની. પ્રભુએ કહ્યું કે પૃથ્વી, પાણી, અગ્નિ, વનસ્પતિ સર્વ જીવ સભર છે. સર્વ પ્રત્યે કરુણા રાખો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રભુએ પશુહિંસા અટકાવી. માંસાહારને અધર્મ કહ્યો. સત્ય શાંતિ અને મૈત્રીભાવનો સંદેશ જગતને આપ્યો. દરેક જીવ વિકાસનો અધિકારી છે. મન વચન અને કાયાથી કોઈ જીવને હણ નહીં એમ પ્રભુએ કહ્યું. આત્મસત્તાએ આપણે અને પ્રભુ સરીખા સુષુપ્ત આતમરામને ઢંઢોળીએ. પ્રભાવ છે ખુલ્લી દૃષ્ટિનો. છીછરી દૃષ્ટિથી મન સંકલ્પ–વિકલ્પમાં, આરંભ–પરિગ્રહમાં ભટકશે. આપણે સરવાળામાં શૂન્ય માની જીવતાં જ રહ્યા. ભીતર જઈને જોયું તો વીતી ગયેલા વર્ષોની એ બાદબાકી હતી. એ વર્ષોમાં આપણે શું મેળવ્યું? દુર્લભ મનુષ્યભવમાં પ્રભુએ પ્રબોધેલા આત્મધર્મ તરફ ધર્માભિમુખ થઈ સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યગ્ચારિત્રની પ્રાપ્તિ કરીએ, જે માત્ર જીવન નહીં પણ પરલોક પણ સુધારશે. સત્ય પંથે વિચરતો માનવ અને ઊર્ધ્વલોકમાંથી પ્રગટતી પ્રભુની કરુણાભરેલી અચિંત્ય શક્તિ બંને સાથે કામ કરશે. પંખીને ઉડવું હોય ત્યારે પાંખો ફફડાવી લાગેલો કચરો સાફ કરી હળવું બને છે પછી ઊડી શકે છે. આપણે પણ મોક્ષમાર્ગે ઉત્થાન કરવું છે તો રાગદ્વેષરૂપી કચરો જે જામેલો છે તેને સાફ કરી હળવાફૂલ બની અશુદ્ધમાંથી શુદ્ધ બની પ્રભુના વારસદાર થવાનું છે. પ્રભુ મહાન છે, તેનાથી પણ મહાન તેમના ઉપરની શ્રદ્ધા છે. પ્રભુએ પ્રરૂપેલા સિદ્ધાંતો અજોડ છે, ઉપદેશ અદ્ભુત છે. પ્રભુના ઉપદેશનાં કણકણમાં માનવતાનું અમૃત છલકાઈ રહ્યું છે. પ્રભુની વાણીમાં સત્ય છે–તત્ત્વ છે–ઓજસ છે–જ્ઞાન–દર્શન–ચારિત્રની સૌરભ છે. તેમના ઉચ્ચતમ વાણીના રસઝરણમાં અવગાહન કરી, જીવનમાં ઉચ્ચ વિકાસ સાધી તેમણે નિર્દેશિત કરેલા પુનિત પંથે વિહરીએ તેમાં જ જીવનની સાર્થકતા છે. પાપ–તાપ–સંતાપથી વિમુખ બનીએ. સાગર પાસે હોવો તે તો સિદ્ધિ છે. પણ પાણી ભરવાના વાસણનું કદ અતિ મહત્ત્વનું છે. પ્રભુ તો ઘણું ઘણું આપવા માગે છે, રત્નોનો ખજાનો ભરપૂર છે. પણ આપણું પાત્ર તો રાગદ્વેષથી છલોછલ ભરેલું છે. પ્રભુ આપશે તે તો છલકાઈ જઈ વેરવિખેર થઈ જશે. ક્રિયાત્મક ધર્મ દ્વારા ગુણાત્મક ધર્મ પામવાનો છે. સંભાળવાનું છે કે જ્ઞાન શુષ્ક ના બને, તપ એ તાપ બને, શાસ્ત્રો એ શસ્ત્ર ના બને. દરેક સમ્યક્ ક્રિયા આત્મા તરફ પ્રયાણ કરનાર છે, જે જન્મમરણના ચક્કરોમાંથી છોડાવે છે. અરિહંતની આરાધના કરીએ અને કરુણા ના પ્રગટે, અશક્ય! દિવ્યજ્ઞાન, અખંડ આનંદ, સૂર્યચંદ્રની જ્યોતિ કરતાં પણ અતિ તેજસ્વી એવી આત્મજ્યોતિ દરેક માનવમાં પ્રકાશી રહ્યાં છે. આત્માની શુદ્ધિ- એટલે ગુણોની વૃદ્ધિ અને પરમપદની પ્રાપ્તિ. આત્માને પામવો છે–પરમતત્ત્વ સાથે જોડાણ કરવું છે તો આંતર અને બાહ્ય શુદ્ધિની આવશ્યકતા છે. શાસ્ત્રો એ પ્રભુનાં વચનોનું પ્રતિબિંબ છે, જેમાં પ્રભુ સાક્ષાત્ ભાસે છે. અધ્યાત્મનો રાહ આપણને પરમ શાંતિ આપશે.

*[દિવ્યધ્વનિ માસિકમાંથી સાભાર]*

*રજૂઆત : મોદીભાઈ*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ❋ અહિંસા : એક પરિશીલન ❋

પંન્યાસ શ્રી ભુવનસુંદર વિજયજી મ.સા. પરેલ-મુંબઈ

**[સંપાદકીય :-"અહિંસા :—એક પરિશીલન" આ લેખ ૧૪ પૂર્વધર મહર્ષિ આચાર્ય શ્રી ભદ્રબાહુસ્વામી દ્વારા રચિત "શ્રી બૃહત્કલ્પસૂત્ર" નામના આગમ અને તેની ટીકા આદિના આધારે મહેનત પૂર્વક તૈયાર કરવામાં આવ્યો છે. મોક્ષમાર્ગની આરાધનાના અભિલાષી સહુ કોઈ આ લેખને વારંવાર વાંચે-વિચારે અને જીવદયાની પવિત્ર ભાવનામાં આગળ વધે એજ અભ્યર્થના]**

શ્રી બૃહત્કલ્પસૂત્ર નામના આગમ શાસ્ત્રમાં હિંસા-અહિંસાની ચર્ચા લખી છે. આ ચર્ચામાં શ્રી વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ (શ્રી ભગવતીસૂત્ર) આગમના આધારે એક અલ્પજ્ઞમુનિએ નિશ્ચયપૂર્વક-નિરૂપણ કરતાં કહ્યું કે :—

''પ્રમાણાતિરેક વસ્ત્ર ફાડવું જોઈએ નહીં. કારણ કે વસ્ત્ર ફાડતા તેનો અવાજ સંપૂર્ણ ૧૪ રાજલોક (વિશ્વ) માં વ્યાપી જાય, તેને છેદતા તેના સૂક્ષ્મ અવયવ સમસ્ત વિશ્વમાં ફેલાઈ જાય, આથી સૂક્ષ્મ જીવોની વિરાધના થાય, માટે વસ્ત્ર જેવું મળે તેવું લેવું પણ ફાડવું નહીં.''

આમ કહી તે અલ્પજ્ઞમુનિએ શ્રી વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ (શ્રી ભગવતીસૂત્ર) આગમનો પાઠ રજુ કર્યો :—

''જ્યાં સુધી આ જીવ થોડું પણ હલન-ચલન-કંપન કરે છે. ત્યાં સુધી તેના કર્મનો-ભવનો અંત કરતો નથી.''

વળી, જીવનો જેમ અલ્પતર યોગ-વ્યાપાર તેમ કર્મબંધ પણ અલ્પતર થાય છે. અને જે યોગ નિરોધ કરી શૈલેશી અવસ્થામાં રહે તેને સર્વથા મન-વચન-કાયાનો વ્યાપાર હોતો નથી. તેથી તે અવસ્થામાં તેને કર્મબંધ પણ નથી.

શિષ્યના ઉપરના નિર્ણયનો ઉત્તર આપતાં જ્ઞાનીગુરુ કહે છે :—હે પ્રશ્નકર્તા! આરંભ-સમારંભ આશ્રવ હોવાથી તું તેને કર્મબંધનું કારણ માને છે. તથા આશ્રવનો નિરોધ-ગુપ્તિ કર્મબંધનું કારણ ન હોવાથી તે તને ઇષ્ટ છે. તો તો પછી તારે-આ પ્રશ્ન કરીને જે બોલ્યો-તે બોલવાનું જ બંધ કરી દેવું પડશે. કારણ કે બોલવામાં પણ વાયુકાય જીવોની હિંસા છે. તેમાં પણ આરંભ-આશ્રવ છે. એટલે તારે (પ્રશ્નકર્તાએ) એક પણ શબ્દ બોલવો જોઈએ નહીં અને તારી વાત કોઈને સમજાવવા હાથ પણ ઊછાળવો નહીં.

જ્ઞાનીગુરુ પ્રશ્નકર્તા અલ્પજ્ઞમુનિને આગળ કહે છે કે-જો તું શુભક્રિયા માત્રનો નિષેધ કરીશ એટલે કે શ્રી વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ (શ્રી ભગવતી) આગમસૂત્રના આધારે શ્રી મહાવીર ભગવાનના વચનોના સહારે કહીશ કે-''કોઈ ક્રિયા જ કરવી નહીં.'' તો પછી અનેક પ્રશ્નો ઊભા થશે. કેમકે-તો પછી સાધુને ભિક્ષા લેવા જવાની, લોચ કરવાની, સંજ્ઞા ભૂમિમાં લઘુનીતિ-વડીનીતિ માટે જવાની ક્રિયા આદિની પણ મનાઈ-નિષેધ થઈ જશે. જે શક્ય નથી.

વળી, હે પ્રશ્નકર્તા! તે રજુ કરેલ સૂત્રાર્થના આધારે તેનો કોઈ મુનિ સ્વાધ્યાય પણ નહીં કરી શકે. મુનિઓ વિહાર, વ્યાખ્યાન, પ્રતિક્રમણ, ગુરુભક્તિ, ગ્લાનસેવા-વૈયાવચ્ચ આદિ વિહિત શુભ અનુષ્ઠાન પણ કરી શકશે નહીં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમ શ્રાવક પણ સાધર્મિક ભક્તિ, સાધુનેં ગોચરી વહોરાવવી, પશુ–પક્ષીની જીવદયા કરવી, જિનપૂજા કરવી, ધર્મ સ્થાનક અથવા જિનાલય નિર્માણ કરવું, શાસ્ત્ર લખાવવા-છપાવવા, તીર્થયાત્રા કે ગુરુવંદન કરવા દૂરદેશમાં જવું, ભગવાન કે ગુરુના સ્વાગત સામૈયા કરવા આદિ એક પણ વિહિત શુભ અનુષ્ઠાન થઈ શકશે નહીં. તો પછી શુભ ધર્મ કરણીનું શું કરશો?

પ્રશ્નકાર :—[જ્ઞાનીગુરુના ઉપરના કથનથી મુંઝાયેલો પ્રશ્નકાર વિચારે છે કે જીવે અશુભ ક્રિયા તો કરવાની નથી જ અને શુભ ધર્મકરણી પણ ન કરવાની આફત આવી. એટલે સમાધાન શોધતો તે અલ્પજ્ઞ મુનિ ગુરુને કહે છે કે :—]

દેહ પૌદ્‌ગલિક હોવાથી દેહના નિર્વાહમાટે ગોચરી જવું, સંજ્ઞાભૂમિએ વડીનીતિ–લઘુનીતિ માટે જવું આવી ક્રિયા તો કરવી જ પડે. નહિ તો દેહનો કે જીવનનો નિર્વાહ ન થાય તો દેહનો નાશ થઈ જાય. દેહનો નાશ થતાં સંયમનો નાશ થઈ જાય. માટે આવી ક્રિયા તો કરવી જ પડે.

જ્ઞાની ગુરુનો ઉત્તર :—પ્રશ્નકારની ઉપરની વાતનું સમાધાન કરતાં શાસ્ત્રકાર મહર્ષિ કહે છે કે—જેમ સંયમી દેહને ટકાવવા માટે આરંભ જેમકે ગોચરી જવું, વડીનીતિ–લઘુનીતિએ જવું એ આવશ્યક છે. તેમ શાસ્ત્રવિહિત અને જિનનિર્દિષ્ટ બધી જ ધાર્મિક પ્રવૃત્તિ પણ અવશ્ય કરણીય છે.

વળી, જેને પ્રમાણથી અધિક વસ્ત્ર છેદનારો–ફાડનારો જીવ હિંસક–વિરાધક લાગે છે, તો સમજવું કે આવી વ્યક્તિને જૈનાગમના રહસ્યનો બોધ નથી. કારણ કે પ્રમાણથી અધિક વસ્ત્ર ન ફાડે તો વિભૂષા થાય. તે ગંદું થતાં ધોવું પડે. અને પ્રમાણોપેત જ ગવેષણા કરવામાં સૂત્રાર્થહાની થાય. એટલે એકવાર વસ્ત્ર છેદનનો દોષ લાગે. પણ સૂત્રવ્યાઘાતાદિ દોષનો પરિહાર થશે. જે સંયમ સાધક છે. તેથી આગમાર્થજ્ઞાતાઓને ઇષ્ટ છે.

એટલે ગોચરી જવું, સ્થંડિલ ભૂમિ જવું, આદિ હલન–ચલનની પ્રવૃત્તિ સંયમ સાધક છે પણ સંયમ બાધક નથી. તેમ સમવસરણમાં પુષ્પવૃષ્ટિ, ચામર વિંજવા, દુદુંભિના નાદ થવા આદિમાં પણ વાયુકાય આદિ જીવોની વિરાધના–હિંસા તો છે જ. પણ તીર્થંકર ભગવાને આનો 'કામ–ભોગ''ની જેમ નિષેધ કર્યો નથી. જો આ પ્રવૃત્તિ અનિષ્ટની જનક હોત તો આપ્ત કેવલી ભગવાને તેનો નિષેધ અવશ્ય કરત. પણ તે કર્યો તો નથી.

તેવી જ રીતે સાધુને વસ્તુ વહોરાવવી, કબૂતરને અનાજ નાખવું, ગાયને ઘાસ નાંખવું, આગમગ્રંથો લખવા (છપાવવા), ઉપાશ્રય કે જિનાલયનું નિર્માણ કરવું, તીર્થયાત્રા અથવા ગુરુવંદન કરવા જવું, જિનમૂર્તિ પૂજા કરવી, ગુરુનું સમાધિમંદિર બનાવવું, ગુરુના સામૈયા કરવા આ બધી ગૃહસ્થો દ્વારા થતી ધર્મની પ્રવૃત્તિ પણ જિનાગમ વિહિત છે. પણ કામભોગની જેમ શ્રી તીર્થંકર ભગવાન દ્વારા નિષિદ્ધ નથી અને તેથી જ આગમમાં કહેલી આ બધી ધર્મકરણી અપ્રમાદ, જયણા, સાવધાનીપૂર્વક કરતાં લખલૂંટ ધર્મની સાધક બને છે.

જૈન સિદ્ધાંત કહે છે કે–આ સમસ્ત વિશ્વ જીવોથી આકીર્ણ–ભરપૂર છે. તેમાં જિનેશ્વર કથિત આત્માને હિતકારી ઉપર કહેલી ધર્મપ્રવૃત્તિ કરતાં જે જીવપીડા થાય છે. તે પણ યતનાવાનને–સાવધાનને–આરાધકભાવયુક્ત વ્યક્તિને અલ્પદોષ અને બહુલાભ માટે થાય છે. જેને ધર્મની વિહિત શુભ કરણી કરનારો પણ જીવહિંસા કરનારો ભાસે છે. જીવવિરાધક લાગે છે. તેવા માટે સમજવું કે–તેને જૈનશાસનના સ્યાદ્વાદનો સમ્યગ્બોધ નથી. ક્રિયા થવા માત્રથી કે ઉપર ઉપરથી હિંસા દેખાવા માત્રથી હિંસા થાય છે–કર્મબંધ થાય છે. એવું જૈનાગમો કહેતા નથી. કારણ કે સંયોગીકેવલીથી લઈને અપ્રમત્ત સંયમી સાધુને યોગ–ક્રિયા હોય છે. તેમ છતાં તેમને હિંસાનો અભાવ હોય છે. *ક્રમશઃ*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સમાચાર :—

★ **સુરતમાં ચાતુર્માસ આરાધના :**—પૂ.આ.શ્રી વિજયચંદ્રોદયસૂરીશ્વરજી મ.સા., પૂ. આ. શ્રી વિજય-અશોકચંદ્રસૂરીશ્વરજી મ.સા., પૂ.આ.શ્રી વિજયજયચંદ્રસૂરીશ્વરજી મ.સા., પૂ.આ.શ્રી વિજયસોમચંદ્રસૂરિજી મ.સા. આદિ ગુરુ ભગવંતોની શુભ નિશ્રામાં ચાતુર્માસ ધર્મારાધના શાસન પ્રભાવનાપૂર્વક ચાલી રહી છે. અહિંના સમેતશિખરજી દેરાસરમાં અંજનશલાકા પ્રતિષ્ઠા તથા ઉંબરામાં પ્રતિષ્ઠાનો પ્રસંગ ઉલ્લાસપૂર્વક થયો. જીવદયા–અનુકંપા–સાધારણ ખાતાની ટીપ વિગેરે થયા. અષાઢ સુદ ૧૦ના રાંદેર રોડ ખાતે ચાતુર્માસ પ્રવેશ થયો. સાથે ઉપાશ્રયનું ઉદ્ઘાટન અને પુસ્તકનું વિમોચન થયું.

ચાતુર્માસિક આરાધનામાં સમુહમાં સિદ્ધિતપની આરાધના શ્રીસંઘમાં ૨૭૫ની સંખ્યામાં શરૂ થયેલ છે. નવકાર મંત્રની આરાધના ખીરના એકાસણાથી કરાવવામાં આવેલ જેની સંખ્યા ૪૦૦ની હતી. ચંદનબાળાના અઠ્ઠમ ૮૦ અને શ્રી આદીશ્વર ભ.ની આરાધના અઠ્ઠમથી કરાવી જેમાં ૩૦૦ આરાધકો-હતા. તપસ્વી ગણિશ્રી પ્રશમચંદ્રવિજયજી મ.સા.ને ૫૦૦ આયંબિલની પૂર્ણાહુતિ નિમિત્તે પગલા કરાવવાના દોઢ કરોડના શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભ.ના જાપની ઉછામણી થઈ હતી. તપસ્વી મુનિશ્રી શશીચંદ્રવિજયજી મ.સા.ને પણ માસક્ષમણ ઉપરાંતની આરાધના સુખશાંતિપૂર્વક થઈ છે.

વ્યાખ્યાનમાં ઉપદેશ તરંગીની વ્યાખ્યાન વંચાય છે. જેનો સેંકડોની સંખ્યામાં લોકો લાભ લઈ રહ્યા છે. બાળકો તથા બહેનોની શિબિરનું આયોજન ભવ્ય રીતે કરવામાં આવ્યું છે. જેનો ૫૦૦ ઉપરાંત ભાવિકો લાભ લઈ રહ્યા છે, ૮ સાધુ મહારાજોને આગમોના જોગની આરાધના ચાલી રહી છે. બન્ને આચાર્ય મહારાજ સાહેબને ૨૧ દિવસની સૂરિમંત્રની આરાધના શાતાપૂર્વક ચાલી રહી છે. પૂ. ગણિશ્રી નિર્મળચંદ્રવિજયજી મ.સા.ને ૭૩ મી ઓળી તથા જોગ શાતાપૂર્વક ચાલી રહ્યા છે. આમ શાસનપ્રભાવક કાર્યો ચાલી રહ્યા છે.

★ **બેંગ્લોર–ચિકપેઠ :**—પૂ.આ.શ્રી નિત્યાનંદસૂરિજી મ.સા. આદિની શુભ નિશ્રામાં પૂ.આ.શ્રી વિજયવલ્લભસૂરિશ્વરજી મ.સા.ની સ્વર્ગારોહણ અર્ધ શતાબ્દીના સુઅવસરે ચતુર્વિધ સંઘમાં થયેલ વિવિધ તપશ્ચર્યાઓની અનુમોદનાર્થે તેમ જ શ્રી લબ્ધિસૂરિ જૈન ધાર્મિક પાઠશાળાના હીરક જયંતી (૭૫ વર્ષ)ના ઉપલક્ષમાં શ્રી આદિનાથ જૈન શ્વે. સંઘ દ્વારા તા. ૧૨-૯-૦૩ થી તા. ૨૨-૯-૦૩ દરમ્યાન ભવ્યાતિભવ્ય એકાદશાહ્નિકા મહોત્સવની ઉજવણી કરવામાં આવેલ.

## ડૉ. કુમારપાળ દેસાઈનાં કેલિફોર્નિયામાં યોજાયેલાં પ્રવચનો

અમેરિકાની ગુજરાતી લિટરરી એકેડેમી દ્વારા આયોજિત સાંપ્રત ગુજરાતી સાહિત્ય વિશેના સેમિનારમાં જાણીતા સાહિત્યકાર અને ગુજરાત યુનિવર્સિટીના આર્ટ્સ ફેકલ્ટીના ડીન ડૉ. કુમારપાળ દેસાઈને અધ્યક્ષસ્થાને વક્તવ્ય આપવાનું નિમંત્રણ મળ્યું હતું. આ પ્રસંગે જૈન સેન્ટર ઓફ સર્ધન કેલિફોર્નિયામાં તેઓના પર્યુષણ પર્વ દરમ્યાનનાં વક્તવ્યો પણ યોજાયાં હતા. જેમાં જૈનદર્શનના અનેકાંતવાદ, ગણધરવાદ જેવાં વિષયોની છણાવટ કરેલ. ડૉ. કુમારપાળ દેસાઈના અંગ્રેજી ભાષામાં તૈયાર થયેલા 'તીર્થંકર મહાવીર' નામના પુસ્તકનો વિમોચનવિધિ પણ કેલિફોર્નિયામાં યોજાયો હતો. જુદી જુદી સંસ્થાઓ દ્વારા તેઓના સાંસ્કૃતિક અને સાહિત્યિક પ્રવચનો પણ યોજવામાં આવ્યા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



With Best Compliments from :

*Kinjal Electronics*

Chandni Chowk, Par Falia,
Opp. Children Park, Navsari-396445
Tele : (02637) 241 321 Fax : (02637) 252 931

બીજાની ભૂલો કાઢવી તે બહુ જ સહેલું કામ છે કે જે મૂર્ખમાં મૂર્ખ માણસ પણ કરી શકે છે; પરંતુ ભૂલો ન કરવી તે ઘણું જ કઠણ કામ છે કે જેને કહેવાતા વિદ્વાનો પણ કરી શકતા નથી અને ગોથા ખાધા કરે છે. જ્ઞાની પુરૂષોને પણ ભૂલ ન કરવા હંમેશાં અપ્રમાદી-સાવધાન રહેવું પડે છે; તો પછી વિષયાસક્ત પામર જીવોનું તો કહેવું જ શું ? પોતાને માટે અથવા તો પરના માટે, સારું હોય કે નરસું હોય પણ જે કાર્ય કરો તે પહેલાં આટલું જરૂર યાદ રાખવું કે આ જે કાંઈ હું કરું છું તે મારા માટે જ છે પણ બીજાને માટે નથી. આ કાર્યના સારા અથવા તો નરસા પરિણામના ફળનો ભોગી હું જ છું, તેમાં બીજાને કાંઈ પણ લેવા-દેવા નથી.

**મેસર્સ સુપર કાસ્ટ**

૨૮૬, જી.આઈ.ડી.સી. ચિત્રા, ભાવનગર

**Manutacturer's of C.I. Casting. ✆ : 2445428 – 2446598**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વિતરાગદેવ જૈન ધર્મના ચોવીસમાં તીર્થંકર પ્રભુ મહાવીરના ૧૦ ફરમાનો ૬ સંદેશ, ૩ ઉપદેશ, ૧ આદેશ.

## "Ten Commandment of Lord Mahavir"

*સંકલન : આર. ટી. શાહ, વડોદરા.*

પ્રભુ મહાવીરની વાણી દ્વારા જે કંઈ આદેશો અપાયા છે. તેને અતી સંક્ષિપ્તમાં મુકવાનો નમ્ર પ્રયાસ કરેલ છે. જે નીચે મુજબ કહી શકાય.

**૧લો સંદેશ :—કરૂણા ભાવના કેળવો એટલે કે કરૂણાવંત બનો....**

પ્રભુ મહાવીરના અનેક ભવોમાં ૨૭માં ભવે નંદીરાજર્ષિનો આત્મ ફક્ત કરૂણામય જ નહીં પરંતુ જ્ઞાનમય પણ બન્યો. પ્રભુએ પોતાના વિશિષ્ટ જ્ઞાન દ્વારા જોયું કે સારાયે જગતને સર્વદા–સર્વથા સુખી બનાવવા માટે તેનું અજ્ઞાન દૂર કરવું જોઈએ, અને તેમના રાગદ્વેષ ઉખેડી નાંખવા જોઈએ, તેમજ સાધના દ્વારા વિશુદ્ધ ચારિત્ર્ય જીવનમાં જોડવા જોઈએ. આટલા માટે જ પ્રભુએ **''सवी जीव करु शासन रसि''** ની ભાવના પ્રસરાવેલ છે. જગતના સર્વ જીવને સુખી કરવા માટે દરેક જીવ માત્ર પ્રત્યે કરૂણાવંત બનવાનો સંદેશ આપેલ છે.

ક્રિશ્ચયન લોકોની કરૂણા માનવજાત માટે જ સીમિત છે.

વૈદિક ધર્મ એટલે હિન્દુઓની કરૂણાએ વિસ્તરીને પશુ–પંખી વનસ્પતિને આવરી લીધા.

પ્રભુ મહાવીરની કરૂણા પૃથ્વી–પાણી–અગ્નિ વાયુના સૂક્ષ્મ બાદર વ્યવહાર રાશિ–અવ્યવહાર રાશિની સઘળી નિગોદના અનંત જીવો પ્રત્યેની કરૂણાને આવરી લીધી.

આના કારણે જ જૈન ધર્મ ''વિશ્વધર્મ'' કહેવાની ક્ષમતા ધરાવે છે. આ માટે જ મહાન ચિંતક જયોર્જ બર્નાડશૉએ કહેલ છે કે મારો હવે પછીનો જન્મ જૈન ધર્મમાં થાય એવી ભાવના રાખું છું.

જગતના સર્વ જીવોને મન–વચન–કાયાથી નહિ મારવાની વાત જૈન ધર્મે જ બતાવેલ છે. માટે પ્રભુ મહાવીરે પ્રરૂપેલ જૈન ધર્મ વિશ્વધર્મ બનવાની લાયકાત ધરાવે છે. પ્રભુ મહાવીર સ્વામિ સામે કાળચક્ર છોડનાર સંગમદેવ, પ્રભુને ડંશતા ચંડ કૌશિકનાગ પ્રત્યે પણ પ્રભુએ કરૂણા જ દર્શાવેલ. આ રીતે પ્રભુ મહાવીરે ફક્ત કરૂણા જ નહીં પરંતુ સર્વ જીવ પ્રત્યે દયાભાવ, ભક્તિભાવ, મૈત્રિભાવ, બંધુત્વભાવ રાખવાની ભાવના દર્શાવેલ છે. સર્વ તિર્થંકરોની માતા કોણ હતી? હા, એ હતી કરૂણા. આ હતો પ્રભુ મહાવીરનો પ્રથમ સંદેશ.

**૨જો સંદેશ–સુખે અલીન બનો.**

પ્રભુ નંદન રાજર્ષિના ભવમાંથી, જયાં ભૌતિક સુખોની રેલમછેલ બોલાય છે, એવા ૧૦માં દેવલોકમાં ગયા, પરંતુ તેમનો તારક આત્મા સુખમાં જરાપણ છકી ન ગયો અને પ્રભુએ સંદેશ આપ્યો કે ''સુખે અલીન બની રહો.'' તારક આત્મા સુખ ભોગવવા છતાં તેમાં ભોક્તા ન બનતા ફક્ત સાક્ષી ભાવે ભોગો ભોગવ્યા અને પ્રભુ મહાવીર આવા કર્મ–

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બંધનમાંથી ઉગરી ગયા. સુખ ભોગવવા માટે પ્રભુએ બે રસ્તા બતાવ્યા છે.

**(૧) સુખને ત્યાગી દો અથવા ઘટાડી દો.**

**(૨) જે સુખને ભોગવો તેમાં અલીન રહો એટલે કે છકી ન જાવ. મનથી પણ સુખને ત્યાગે તે સંત કહેવાય અને સુખ સામગ્રીઓને ઘટાડી સંસારમાં રહે તે સંસારી સાધુ કહેવાય.**

## ૩જો–સંદેશ–"દુઃખમાં અદીન બનો" :—

ભગવાન મહાવીર ભૌતિક સુખમાં અલિન રહેવા સાથે દુઃખમાં અદીન બનવા માટે આદેશ આપેલ છે. કર્મના ઉદયે દુઃખ આવી શકે પરંતુ આવા સમયે આર્દ્રધ્યાનના પાપ કર્મમાંથી બચવા અદીન બનવું જોઈએ. દુઃખનો ભાર માથે ન લેવો એ જ દુઃખની દવા છે. મારા કરતાં બીજા ઘણા લોકો વધારે દુઃખી છે. એમ સમજીને સમાધાન કરવું જોઈએ. એથી પર્વત જેટલું દુઃખ રાઈ જેટલું બની જશે. સુખમાં અનાશક્ત ભાવ અને દુઃખમાં અદીન બનીને રહેવું જોઈએ. દરેક વાતમાં નિયતિને સલામ કરી દેવાય. તો આવેલ દુઃખમાં દીનતા ન આવી શકે. આ માટે સરસ અંગ્રેજી કહેવત છે કે,

**"Live for the best. Be ready for the worst."**

ટૂંકમાં, દુઃખ ડગ્યા વગર સહી લેવાનું અને સુખમાં છકી ન જવા પ્રભુ મહાવીરનો સંદેશ છે.–

## ૪થો–સંદેશ–"માતા–પિતાની સેવા કરો"

દેવલોકમાંથી આવીને દેવાધીદેવ પરમાત્માનો આત્મા માનવ જીવનમાં આવ્યો. ગર્ભકાળમાં છ માસ પૂરા થઈ ગયા બાદ એવી એક ઘટના બની ગઈ કે એ ઘટના દ્વારા જગતને એક સંદેશ પ્રસારિત કર્યો કે માતા–પિતાની સેવા કરો. પોતાના શાસનના ૨૧૦૦૦ વર્ષના કાળમાં વડિલોની સેવાનો ધર્મ અત્યંત ખરાબ રીતે હચમચી ઉઠવાનો છે. એવા સંકેત સાથે પ્રભુએ આ સંદેશ આપેલ હોય એમ લાગે છે.

માતા ત્રિશલાને હલન–ચલન દ્વારા પણ દુઃખ ન પહોંચે એવી ભાવના સાથે પ્રભુ ગર્ભમાં સ્થિર થઈ ગયા પરંતુ આનાથી માતાને ગર્ભનાશની કલ્પના સાથે તીવ્ર આર્દ્રધ્યાન થઈ ગયું. બાજી સુધારવા માટે પ્રભુએ હલન ચલન ચાલુ કર્યું અને સાથે અભિગ્રહ કર્યો કે માતાપિતા જીવતા હશે ત્યાં સુધી તેઓને દુઃખ ન પહોંચે માટે સંસાર ત્યાગી ને દીક્ષા લઈશ નહી. પોતાના જ્ઞાનબળ દ્વારા પ્રભુએ જોયું કે પોતાનો મોહનીય કર્મ અને માતા–પિતાનું આયુષ્ય કર્મ બંને શોપકર્મ છે. જેનાથી આંચકો મળે તો તૂટી જાય તેવા કર્મ છે. પોતાનું મોહનીય કર્મ જરૂર છૂટી જાય પરંતુ આનાથી માતા–પિતાનું આયુષ્ય કર્મ પણ તૂટી જાય આના કારણે જગતમાં એવો અપયશ વ્યાપે કે "આખા વિશ્વને જીવન (ભાવપ્રાણ) આપનારા વર્ધમાને દીક્ષામાં ઉતાવળ કરી અને તેઓ તેમના માતા–પિતાના મોત માટેના નિમિત્ત બની જાય તેમ હતા. જો માતાપિતાનું આયુષ્ય કર્મ નિરૂપમ કર્મ એટલે કે અત્યંત મજબૂત હોત તો આવો અભિગ્રહ કરવાની જરૂર ન હોત. પ્રભુ મહાવીરના આ અભિગ્રહ અંગે કલ્પસૂત્રની સુબોધીકા ટીકામાં જણાવેલ છે. પરમાત્માએ પોતાના શાસનકાળના જીવોને એવો સંદેશ આપેલ છે કે વડીલ જનોની સેવા બરાબર કરવી. 'પંચસૂત્ર' ગ્રંથમાં દીક્ષાર્થી જીવે અપરોપતાપ એટલે કે કોઈને પણ ત્રાસ ન આપવો. આવો અપરોપતાપ માતાપિતા પ્રત્યે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સવિશેષ સેવવો. દીક્ષાના કઠોરપંથને સફળ કરવા માટે ''મંગલ'' ની ખૂબ જરૂર પડે છે, અને માતાપિતાની આશિષે **'शिवास्ते पन्थानः सन्तुः'** જેવું મહાન મંગળ બીજુ કોઈ નથી. પ્રભુ મહાવીરનો તારક આત્મા ગૃહસ્થ જીવનમાં પણ માતાપિતાનો અપૂર્વ વિનય કરતો હતો. માતા ત્રિશાને પલંગ પર બેસાડી તેના પગે બેસીને અંજલી બધ્ધ નમસ્કારપૂર્વક વિરક્ત કુમાર વર્ધમાન માતા સાથે લગ્ન સબંધી વાતો કરતાં હતા, તેનું વર્ણન ત્રિશષ્ટિશલાકાપુરૂષ ચારિત્ર્યમાં જોવા મળે છે. આખુ જગત જેને ટૂંક સમયમાં વંદન કરવાનું છે એવા કુમાર વર્ધમાન માતાપિતાના ચરણો ચૂમતા હોય એ દ્રશ્ય કેટલું અદ્‌ભૂત હોઈ શકે? ધન્ય છે આવા નેત્ર દિપકને.

આચાર્ય પૂ. હરિભદ્રસૂરિશ્વરજીએ જણાવ્યું છે કે ધર્મનો આરંભ માતા–પિતા આદી ગુરૂજનોની પૂજા સેવાથી જ થાય છે. આટલા માટે આ જૈન શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે કે જેઓ વૃદ્ધ, રોગી, કે અસહાય માતા–પિતા આદી ગુરૂજનોની સેવા કરે છે. તેમના આયુષ્ય, વિદ્યા, યશકિર્તિ, અને બળ સતત વધતા રહે છે. આ રીતે દેવાધિદેવનો ચોથો સંદેશ ''મા–બાપની સેવા કરો'' તેને ભારોભાર રીતે ઝીલવો જોઈએ અને મા–બાપને કોઈપણ પ્રકારે ત્રાસ ન અપાય તેની પૂરી કાળજી લેવી જોઈએ. અને આવા માતૃ–પિતૃ ભક્ત પુત્રોએ લગ્ન પૂર્વે જ પોતાની ભાવી પત્નિને આ વાત બહુ સ્પષ્ટ ભાષામાં જણાવી દેવી જોઈએ.''

*ક્રમશઃ*

**Mfrs. Of Audio Cassettes & Components And Compect Disc Jewel Boxes**

**JET ELECTRONICS**

Cassette House,
Plot No. 53/3b, Ringanwada,
Behind Fire force Station,
DAMAN (U.T.) - 396210



Tel : (0260) 22 42 809
(0260) 22 43 663
Fax : (0260) 22 42 803
E-mail : Jatinsha@giasbm01.vsnl.net.in

**JACOB ELECTRONICS PVT. LTD.**

48, Pravasi ind. Est.
Goregoan (E)
MUMBAI-400 069



Tel : (022) 28 75 47 46
Fax : (022) 28 74 90 32
E-mail : JetJacob@vsnl.com

**Remarks : Book Delivery at Daman Factory.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ❀ પૈસો–હાય પૈસો ❀

'પૈસો એ હાથનો મેલ છે' એવું કહેનાર અને માનનાર સાથે સહમત થઈ શકાય નહીં. પૈસાની ડગલે–પગલે જરૂર પડે છે. હાથનો મેલ હોય તો એ કિંમતી મેલ છે. પૈસા વગર ઘણું બધું વેરાન થઈ શકે છે અને પૈસા હોય તો ઘણું બધું આસાન થઈ શકે છે. પૈસો સુંવાળપ બક્ષે છે. પૈસો પાચન અને વાચન વધારી શકે છે. પૈસો, ધન, રૂપિયા ઘણું બધું છે એ સ્વીકાર્યા પછી પણ તેમાં થોડું ઉમેરવું પડે કે પૈસો એ સર્વસ્વ તો નથી જ. માણસને ગમે તેટલો પૈસો મળે પણ એને સંતોષ–પરિતોષ કદી થતો નથી. સંતોષને ખરીદવા જેટલીય ત્રેવડ પૈસામાં નથી. બહારથી શ્રીમંત દેખાતા માણસો પણ અંદરથી એટલી હદે ભિખારી હોય છે કે ખરેખર જે ભિખારીઓ છે એની મસ્તી જોઈ પેલા ધનવાનો માટે દયા જન્મે!

પૈસા–ધન માટે લોકો દિવસ લંબાવે છે. દિવસ લંબાતા–લંબાતા રાત્રિની સરહદમાં ઘૂસી જાય છે છતાં આવા માણસોને ધરવ થતો નથી. આવા માણસોનો દિવસ થાકેલો અને હાંફેલો હોય છે. રેસના ઘોડામાંથી નીકળતા ફીણ અને તેમના મોઢામાંથી નીકળતા ફીણ વચ્ચે ઘણું સામ્ય છે. એનાં બધાં જ બારણા બંધ હોય છે. ભગવાન સ્વયં આવવા આતુર હોય છે પણ દ્વાર જ બંધ હોય તો આવે ક્યાંથી? તેમના જીવનની બારીઓ બંધ થતી જાય છે. એક જ બારી ખુલ્લી–પૈસા માટેની! ખૂબ પૈસા જ્યારે એ મેળવી લે છે ત્યારે તેને ભોગવવાની શક્તિ આવા માણસો લગભગ ગુમાવી ચુક્યા હોય છે.

પૈસો ઓછોવત્તો હોય એ ગરીબી નથી. પણ તમે કોઈને ચાહી ના શકો, તમારી ભીતર ભગવાને આપેલું કરૂણાનું ઝરણું સૂકાવા મંડ્યું હોય, કોઈના આંસુ તમારા હૃદયને ભીંજવી શકતા ના હોય તો લાખો રૂપિયા હોવા છતાં તમે દરિદ્ર છો. કોઈ ઠંડીમાં ઠૂંઠવાતું હોય અને તમે એને માટે તાપણું પણ ના કરી શકો તો સમજવું કે ભગવાને તમને વર્ષો સુધી મફતમાં આપેલા સૂર્ય પ્રકાશ–ઉષ્માનું નાનકડું વળતર ચૂકવવામાં નિષ્ફળ ગયા છો. ભગવાનના ચોપડે તમે દેવાળિયા છો. પૈસા પાછળનું પાગલપન એ પરપોટા સાથેની પ્રીત છે. જુવાનીમાં જે માણસ કેવળ પૈસાની જ દોસ્તી કરે છે એ માણસ ઘડપણમાં વધુ એકલો પડી જાય છે.

એ ખરું કે દોડધામ, રઝળપાટ, શ્રમની અવસ્થા એ જુવાની જ છે પણ જુવાની એટલે પૈસો કમાવાની ઉંમર એમ માનવું અનેક સમસ્યાઓ સર્જનારી ગેરસમજ છે. યુવાનીમાં ભરપૂર પૈસો કમાઈ વૃદ્ધાવસ્થા આરામથી પસાર કરવાની સમજમાં ભૂલ છે. પુષ્કળ પૈસાદાર વૃદ્ધની આખરી જિંદગી દુઃખમય હોવાનો સંભવ છે. પૈસો સગવડતા જરૂર પૂરી પાડશે પણ એકલતા ખરીદી શકે તેવી શક્તિ સંપત્તિમાં નથી, એ શક્તિ સંતોષમાં જ છે.

વધુ પડતા પૈસાને કારણે આપણે બીજાથી અલગ પડી જઈએ છીએ કદાચ એકલા પડી જઈએ છીએ. આ એકલતાને પૂરવા આપણે પૈસાને કામે લગાડીએ છીએ પણ એ પૈસો પણ એક હદે અટકી જાય છે. આપણી ભીતર ઝંખના એક–નેક સાચા મિત્રની હોય છે પણ પૈસા હજુરિયાની કતાર ખડી કરી દે છે. સુદામાની ગરીબી પોતીકી હતી પણ તેની એકલતા, ધનવાન મિત્ર શ્રી કૃષ્ણ પાસે જવાય–ના જવાયની દ્વિધા સર્જિત હતી. કેવળ પૈસા પાછળ દોડવું તે ઊંઘ વેચીને ઉજાગરો ખરીદવા જેવું છે.

માણસ માટે એક ઝરણું પૂરતું છે પણ એ દોટ મૂકે છે દરિયા માટે. તમારે જેની જરૂર છે એ મળતું જ રહે છે પણ તકલીફ ત્યાં થાય છે કે આપણે આપણી ઈચ્છાઓને જરૂરિયાતો માની બેસીએ છીએ.

*[ દિવ્યધ્વનિમાંથી સાભાર ]*

*ધૂની માંડલિયા*

For Private And Personal Use Only

ઓક્ટોબર ❑ RNI No. GUJGUJ/2000/4488 ❑ Regd. No. GBV 31

मा स्मा दुर्वृत्तयो भूताऽनधिकारेऽन्यवस्तुनि ।
अधिकारं समाच्छेत्तुं विचेष्टध्वं न कस्यचित् ॥

卐

જે વસ્તુ પર તમારો અધિકાર ન હોય તે વિષે તમારી દાનત બગાડતા નહિ. બીજાના અધિકાર પર ત્રાપ મારતા નહિ. ૧૩.

卐

Do not covet those things on which you have no rightful claim Do not pounce on the rights of others. 13.

*(કલ્યાણભારતી ચેપ્ટર-૧૦, ગાથા-૧૩, પૃષ્ઠ-૩૬૩)*

卐

પ્રતિ,

FROM :
શ્રી આત્માનંદ પ્રકાશ
C/o. શ્રી જૈન આત્માનંદ સભા,
ખારગેઈટ, ભાવનગર-૩૬૪૦૦૧
ફોન: (૦૨૭૮) ૨૫૨૧૬૯૮

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
મુદ્રક અને પ્રકાશક : 'શ્રી જૈન આત્માનંદ સભા, વતી શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહએ સ્મૃતિ ઓફસેટ, જૈન વિદ્યાર્થી ગૃહ કંપાઉન્ડ, સોનગઢ-૩૬૪૨૫૦માં છપાવેલ છે. અને શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઈટ, ભાવનગરથી પ્રસિદ્ધ કરેલ છે.'

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પુસ્તક નં. ૧૦૦

For Private And Personal Use Only